## અમરેલીનાં દિગ્ગજ નેતાનાં આશીર્વાદથી ધારાસભ્ય જયેશ રાદડીયા ચૂંટણી લડે છે

# નવી દિલ્હી ખાતે આવતીકાલે ઈફ્કોનાં ડાયરેક્ટરની ચૂંટણી

### ભાજપનાં મેન્ડેન્ટ ઉપરથી બિપિન પટેલ અને અપક્ષ ઉમેદવાર જયેશ રાદડીયા વચ્ચે ટક્કર

### ભાજપનાં જ બે નેતાઓ વચ્ચે ટક્કર હોય જિલ્લાનાં સહકારી રાજકારણમાં ગરમાવો

### હાઈકમાન્ડનાં આશીર્વાદ છેલ્લી ઘડીએ મળશે તેવો બંને ઉમેદવારને આશાવાદ

### ૧૦ મેનાં રોજ ઈફ્કોનાં ચેરમેન પદની ચૂંટણી થવાની હોય દિલીપ સંઘાણી હોટ ફેવરીટ

અમરેલી, તા. ૭

જાણીતી સહકારી સંસ્થા ઈફકોની ગ્રામીણ સહકારી મંડળી વિભાગની દેશની ૭ બેઠકો માટે તા. ૯મીએ દિલ્હીમાં મતદાન યોજાનાર છે જેમાં ગુજરાતની ૧ બેઠકનો સમાવેશ થાય છે. ગુજરાતમાં મહિલા વિભાગ અને રાજય કક્ષા વિભાગની ચૂંટણી બિનહરીફ થઈ છે. મંડળી વિભાગમાં અમદાવાદના બિપીન પટેલ અને રાજકોટ જિલ્લાના જયેશ રાદડીયા વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. મોડાસાના જયંત પટેલ પણ ઉમેદવાર છે. ગુજરાતની ૩ અને દેશની ૭ બેઠકો પૈકી એકમાત્ર વ્હીપ બેઠક પર પ્રદેશ ભાજપ તરફથી શા માટે? તેવા સવાલે ભાજપમાં ચર્ચા જગાવી છે. પ્રદેશ ભાજપના વ્હીપ વાળા ગણાતા ઉમેદવાર સામે જયેશ રાદડીયાને દિલીપ સંઘાણીના ખુલ્લા આશીર્વાદ છે.


દિલ્હીમાં ગુરૂવારે મતદાન છે. ગુજરાતની એક બેઠક માટે ૩ ઉમેદવારો અને ૧૮૧ મતદારો છે. જેમાં સૌરાષ્ટ્રના ૯૫ મતદારો છે. ભાજપના જ બે ઉમેદવારો વચ્ચે ખેંચતાણ છે. જયેશ રાદડીયાએ બિપીન પટેલની પહેલા ફોર્મ ભરેલ. પાર્ટીએ રાદડીયાને કોઈ સુચના આપી નથી. સહકારી ચૂંટણી પક્ષના નિશાન પર લડાતી નથી તેથી બળવો ન ગણાય તેવું રાદડીયાના સમર્થકનું કહેવું છે. જો વ્હીપ આપવાનો હોય તો એક જ બેઠક પર શા માટે તેવો પ્રશ્ન ઉઠયો છે. ગુરૂવારે સવારે ૧૧ થી ૩ મતદાન થયા બાદ મત ગણતરી થશે. રાદડીયાના સમર્થક મનાતા મતદારો માટે પ્લેનની ટીકીટ બુક થઈ ગયાનું જાણવા મળે છે. તા. ૧૦મીએ ચેરમેનની ચૂંટણી છે. બોર્ડમાં બિનહરીફ ચૂંટાયેલા દિલીપ સંઘાણી ફરી ચેરમેન પદના ઉમેદવાર છે.

## અમરેલી જિલ્લાની ભાતીગળ પરંપરા દર્શાવતા મતદાન મથકમાં આકર્ષક સજાવટ

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લાની ભાતીગળ પરંપરા દર્શાવતા મથકમાં આકર્ષક સજાવટ લોકશાહીના મહા પર્વ ચૂંટણીમાં નાગરિકોને મતદાન કરી પોતાનો મતાધિકાર અને રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજ અદા કરી હતી. અમરેલી જિલ્લામાં ભાતીગળ પરંપરા, દરિયાઈ કાંઠાના જીવનને ઉજાગર કરતું, આદર્શ મતદાન મથક સહિતના મતદાન મથકોએ કરવામાં આવેલી આકર્ષક સજાવટ કરવામાં આવી હતી. દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકોને ઉપરાંત મહિલાઓને મતદાન માટે પ્રાથમિકતા મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. લાઠી–બાબરા વિધાનસભા વિસ્તાર હેઠળના બાબરા તાલુકાના વાવડી ગામ ખાતે વરિષ્ઠ નાગરિકે મતદાન માટે ગ્રીન કાર્ડ (લીલી કાપલીનો) ઉપયોગ કરી મતદાન માટે પ્રાથમિકતા મેળવી હતી. ૮૫ વર્ષથી વય ધરાવતા અને દિવ્યાંગ નાગરિકોએ વ્હીલચેર અને સહાયકની સુવિધા મેળવી મતદાન કર્યુ હતું. યુવા મતદારોએ પણ પોતાનો મત આપી રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય અદા કર્યુ હતું.





## ચલાલાનાં યુવા ભાજપ પ્રમુખ મનોજભાઈનો આજે જન્મદિવસ

ચલાલા તા. ૭

ચલાલા યુગ ભાજપ મોરચાના ઉપપ્રમુખ અને ચલાલા ખોડલધામના સહકન્વીરનર અને સેવા ભાવી યૂવાન તેમજ રાજ નોવેલ્ટી વાળ ા મનોજભાઈનો આજે જન્મદિવસે ચલાલાના ધારાસભ્ય જે.વી. કાકડીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ ચલાલા ન.પા.ના પૂર્વ પ્રમુખ હિમતભાઈ, ગીતાબેન, ઉપપ્રમુખ જયરાજભાઈ, પૂર્વ સદસ્ય ચાંપરાજભાઈ સહીત અનેક મહાનુભાવો, સગા–સ્નેહી, મિત્રો સહીતના લોકોએ મનોજભાઈને ફુલડે વધાવી અભિનંદન સહ શુભકામના પાઠવી છે.



મનોજભાઈના મો.નં. ૯૯૨૫૧ ૭૫૪૮૧ પર શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

## અમરેલી જિલ્લા યુવા ભાજપનાં મહામંત્રી મૌલિક ઉપાધ્યાયએ કર્યુ મતદાન

અમરેલી, તા.૭

અમરેલીજિલ્લાયુવાભાજપ ના મહામંત્રી મૌલિક ઉપાધ્યાયએ ભગવાન શ્રી રામની પ્રતિક સ્વરૂપ મૂર્તિ સાથે મતદાન કરી લોકશાહીના પર્વ ઉજવણી કરી.



## ત્રીજા તબક્કામાં લોકશાહીના પર્વનો ભારે ઉત્સાહ જોવા મળ્યો

# દેશના ૧૧ રાજ્યની ૯૩ બેઠક પર સરેરાશ ૬૧ ટકા મતદાન

### આસામમાં સૌથી વધુ ૭૩ અને મહારાષ્ટ્રમાં સૌથી ઓછું ૬૨ ટકા વોટિંગ

નવી દિલ્હી, તા.૭

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કા માટે આજે(૭ મે) ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૩ બેઠકો પર મતદાન યોજાયું હતું. ત્રીજા તબક્કામાં લોકશાહીના પર્વનો ભારે ઉત્સાહ જોવા મળ્યો.

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં દેશની ૯૩ બેઠકો પર મતદાન થયું હતું. આ બેઠકો પર સરેરાશ ૬૧ ટકા જેટલું મતદાન થયું છે. આસામમાં સૌથી વધુ ૭૩ અને મહારાષ્ટ્રમાં સૌથી ઓછું ૬૨ ટકા વોટિંગ થયું છે.

આજે ગુજરાતની ૨૫ બેઠકો, મહારાષ્ટ્રની ૧૧, ઉત્તર પ્રદેશની ૧૦, કર્ણાટકની ૨૮ માંથી બાકી રહેલી ૧૪, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, બંગાળ તેમજ આસામની ચાર-ચાર અને ગોવાની બે બેઠકો પર મતદાન યોજાયું હતું. આ ઉપરાંત દમણ-દીવ અને દાદરા નગર હવેલીની બન્ને બેઠકો પર તેમજ મધ્ય પ્રદેશની ૯ બેઠકો પર પણ ત્રીજા તબક્કાનું મતદાન થયું હતું. આમ, કુલ ત્રણ તબક્કામાં દેશની કુલ ૨૮૦ બેઠકો પર મતદાન સંપન્ન થયું છે. હવે બાકીના ચાર તબક્કામાં ૨૬૩ બેઠકો પર મતદાન થશે.

ત્રીજા તબક્કામાં મુખ્ય મતદાર વિસ્તારોમાં ગુજરાતની ગાંધીનગર બેઠક અને મહારાષ્ટ્રની બારામતી બેઠકનો સમાવેશ થાય છે. ગાંધીનગરથી ગૃહમંત્રી અમિત શાહ ચૂંટણી લડી રહ્યા છે અને બારામતીથી શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે તેમના પિતરાઈ ભાઈ અજિત પવારની પત્ની સુનેત્રા પવાર સામે ચૂંટણી લડી રહી છે. ત્રીજા તબક્કાની અન્ય હોટ બેઠકોમાં મધ્યપ્રદેશની વિદિશા અને ગુનાનો સમાવેશ છે. ભાજપે વિદિશાથી પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને ટિકિટ આપી છે. તેમની સામે કોંગ્રેસના ઉમેદવાર ભાનુ પ્રતાપ શર્મા ચૂંટણી મેદાનમાં છે. જ્યારે ભાજપે ગુનાથી કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા ચૂંટણી લડી રહ્યા છે. તેમની સામે કોંગ્રેસે રાવ યાદવેન્દ્ર સિંહને મેદાનમાં છે. કર્ણાટકમાં ધારવાડમાં ભાજપના ઉમેદવાર પ્રહલાદ જોશી અને કોંગ્રેસના વિનોદ અસુતી, હાવેરીમાં ભાજપના બસવરાજ બોમ્માઈ વિરુદ્ધ કોંગ્રેસના આનંદ સ્વામી ગદ્દાદેવરામથ અને આસામમાં ધુબરી એનડીએના બદરુદ્દીન અજમલ વિરુદ્ધ ભારતના રકીબુલ હસન ચૂંટણી મેદાનમાં છે.

ત્રીજા તબક્કામાં આજે જે અન્ય બેઠકો પર મતદાન યોજાયું તેમાં આસામની ૪, બિહારની ૫, છત્તીસગઢની ૭, મધ્યપ્રદેશની ૮, મહારાષ્ટ્રની ૧૧, ઉત્તર પ્રદેશની ૧૦ અને પશ્ચિમ બંગાળની ૪ બેઠકોનો સમાવેશ થાય છે. આ તબક્કામાં ધ્યાન આપવા લાયક મુખ્ય મતદારક્ષેત્રોમાં ગુજરાતની ગાંધીનગર બેઠક અને મહારાષ્ટ્રની બારામતી બેઠકનો સમાવેશ થાય છે. કોંગ્રેસના સોનલ રમણભાઈ પટેલ ગાંધીનગરથી ગૃહમંત્રી અમિત શાહ સામે ચૂંટણી લડી રહ્યા છે; અને બારામતીથી શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે તેમના પિતરાઈ ભાઈ અજિત પવારની પત્ની સુનેત્રા પવાર સામે ચૂંટણી લડી રહી છે.

| બેઠક | સરેરાશ મતદાનની ટકાવારી |
|---|---|
| આસામ | ૭૫.૩૦% |
| બિહાર | ૫૬.૫૫% |
| છત્તીસગઢ | ૬૭.૧૬% |
| દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ | ૬૫.૨૩% |
| ગોવા | ૭૪.૪૩% |
| ગુજરાત | ૫૬.૮૬% |
| કર્ણાટક | ૬૮.૬૯% |
| મધ્યપ્રદેશ | ૬૩.૩૬% |
| મહારાષ્ટ્ર | ૫૪.૯૮% |
| ઉત્તર પ્રદેશ | ૫૭.૩૪% |
| પશ્ચિમ બંગાળ | ૭૩.૯૩% |

### બીએલઓ સહિતનાં પોલીસ કર્મચારીઓ સતત પોતાનાં ટેબલો ફેરવતાં રહ્યાં

## વડિયા ખાતે લોકશાહીના મહાપર્વ પર તંત્રની ઘોર બેદરકારી પ્રકાશમાં આવી

### મંડપ સર્વિસ વાળાની મનમાનીથી મતદારોને ધોમધખતા તાપમાં શેકાવું પડયું

વડિયા, તા. ૭

વડિયાના એક પણ બુથ પર મંડપ કે છાંયડો નહીં કરતાં મતદારો તડકામાં શેકાયા લોકોએ ઓપજરવેસનને કરી ફરીયાદ એક તરફ સરકાર દ્વારા મોટી જાહેરાતો કરી હતી કે મતદારો કોઈપણ પ્રકારની તકલીફોના પડે તેની ખાસ તકેદારી રાખવી, ત્યારે વડિયાના આઠ મતદાન બુથ આવેલા છે તેમાંથી એક પણ બુથમા છાંયડોકે મંડપ નાખવામાં આવ્યો ન હતો. એક તરફ જોરદાર હિટ વે તડકો તો બીજી તરફ મંડપ કે છાંયડાની વ્યવસ્થાના હોવાના કારણે મતદાન નિરાશ થયા હતા. જોકે ઓબજેરવેસન અધિકારીએ મંડપ સર્વિસ કે જેમને અહીંયા છાંયડો નાખવાનો કોન્ટ્રાકટને ગય કાલ સાંજથી સતત ફોન કર્યો હતો છતાં પણ મંડપ સર્વિસ વાળાએ પોતાની મનમાની ચલાવી અને છાંયડો નાખ્યો જ નહીં ત્યારે લોકો ખુબ નિરાશ થયા અને ધોમ ધખતા તડકામાં શેકાયા હતા.



## ખાંભાના પચપચીયા ગામે વરરાજાએ મતદાન કર્યુ

અમરેલી, તા. ૭

લોકસભા સામાન્ય ચૂંટણી– ૨૦૨૪ અંતર્ગત સાવરકુંડલા– ૨૪ મતદાન મથક પર સાવરકુંડલાના કેવડા ખાતેના કિન્નર મઠમાં રહેતા અન્ય જાતિના નાગરીકોએ મતદાન કર્યુ હતું. મતદાન કરી લોકશાહીના મહાપર્વની ઉજવણી કરી તેમણે મતદાનનું મહત્વ જણાવી નાગરિકોને અચૂક મતદાનનો સંદેશ પ્રસરાવ્યો હતો. બગસરા, રાજુલા સહિતના વિસ્તારના વરિષ્ઠ નાગરિકોએ મતદાન કરી અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. ખાંભાના પચપચીયા ગામે વરરાજાએ મતદાન કરી નાગરીક તરીકેની તેમની ફરજ અદા કરી હતી. દિવ્યાંગોએ મતદાન કરી અચૂક મતદાન – નાગરીકની ફરજ અને અધિકાર સંદેશ વ્યકત કર્યો હતો.



### ભાજપ અગ્રણી રવુભાઈ ખુમાણે આભાર માન્યો

## રાજુલા વિધાનસભા વિસ્તારમાં ઉત્સાહભેર મતદારો દ્વારા થયુ મતદાન

### સહયોગી બનનાર તમામનો પણ આભાર માન્યો

સારવકુંડલા, તા. ૭

અમરેલી લોકસભા મત વિસ્તારના રાજુલા જાફરાબાદ તાલુકા શહેર માં લોકસભાની ચૂંટણીનું મતદાન શાંતિ અને સોહાર્દભર્યા વાતાવરણમાં પૂર્ણ થયું. યુવાનો, મહિલાઓ, વડીલો સૌએ ખૂબ ઉત્સાહપૂર્વક મતદાન કરી લોકશાહીના આ પર્વને સાર્થક કર્યું. તે બદલ મતદારોનો ભાજપનાં ચુંટણી સંયોજક રવુભાઈ ખુમાણે આભાર માનેલ છે.

તેઓએ જણાવેલ છે કે રાજુલા શહેર અને તાલુકા ભાજપના સંગઠનના મિત્રો પદાધિકારીઓ સમર્થકો શુભેચ્છકો કાર્યકર્તાઓ દ્વારા તન–મન અને ધનથી ખૂબ સહયોગ આપી ચૂંટણીમાં ખૂબ કામગીરી કરવા બદલ આપ સૌનો આ તકે હું આભાર માનું છું ચૂંટણી પંચે સમગ્ર મતદાન પ્રક્રિયાનું ખૂબ સુંદર રીતે આયોજન કર્યુ. ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ સે કર્મીઓએ મતદારોને સાનુકૂળતા રહે અને યોગ્ય માર્ગદર્શન મળે તે રીતે જવાબદારી નિભાવી, જે બદલ તેમને અભિનંદન પાઠવું છું. તેમ જણાવેલ છે.



# ગરમીની વચ્ચે મતદાન દરમિયાન મતદાન સહાય બુથ પર મતદારો માટે શરબતની વ્યવસ્થા



લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ મતદાન પ્રક્રિયા દરમિયાન મતદાન કેન્દ્રો પર મતદારોને છાંયડો મળી રહે અને અસહ્ય તાપ અને રક્ષણ મળી રહે તે માટે મતદાન મથકો પર શેડની વ્યવસ્થા કરવામાં આવી હતી. અમરેલી જિલ્લાના વિવિધ વિધાનસભા મતવિસ્તારોમાં મતદારો માટે ગરમીના સમયગાળા દરમિયાન જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા શરબત તેમજ કોલ્ડ્રીકસની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. લોકશાહીના પર્વમાં મતદાન માટે આવતા મતદારોને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# અમરેલી જિલ્લાનાં રાજકીય મહાનુભાવોએ કર્યુ મતદાન




અમરેલી જિલ્લામાં લોકસભા ચૂંટણી અંતર્ગત આજે યોજાયેલ મતદાનમાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા, કોંગ્રેસનાં ઉમેદવાર જેની ઠુંમર, પૂર્વ સાંસદ દિલીપ સંઘાણી, નાયબ દંડક કૌશિક વેકરિયા, ધારાસભ્ય કસવાલા, પૂર્વ સાંસદ વિરજી ઠુંમર, નારણભાઈ કાછડીયા તેમજ રાજકોટ બેઠકનાં ભાજપનાં ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા અને કોંગ્રેસનાં ઉમેદવાર પરેશ ધાનાણી સહિતનાં રાજકીય આગેવાનોએ મતદાન કર્યુ હતું.

## વડિયા સહિત તાલુકાભરમાં શાંતિ પૂર્ણ માહોલ વચ્ચે ચુંટણી સંપન્ન થઈ



વડિયા, તા. ૭

વડિયા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉઘાડે પોતાનો મત આપ્યો વડિયા ના વતની અને ગુજરાત સરકાર ના પૂર્વ કેબિનેટ મંત્રી એ વહેલી સવારે પોતાનો મત અધિકારી ઉપયોગ કરી મતદાન કર્યું હતું. વડિયા મોઘીબા કન્યા શાળા ખાતે પોતે મતદાન નો ઉપયોગ કર્યા. વધુમાં પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉઘાડે જણાવ્યું કે આ લોકસાહિ ના પૂર્વ પર લોકો એ સો ટકા મતદાન કરવું જોઈએ લોકોને અપીલ કરી હતી કે મતદાન અચૂક કરો અને કરાવો તો બીજી તરફ વડિયા શહેરના સરપંચ મનિષભાઈ ઢોલરીયાએ પણ પોતાનો મત આપ્યો હતો અને તડકો થાય એ પહેલાં લોકો મતદાન કરે તેવી અપીલ કરવામાં આવી હતી સાધુ સંતો સહીત લોકોએ મતદાન કર્યુ તો બિજી તરફ એક દિવ્યાંગ શુભમ રાજેશભાઈ ભુતૈયા નામના યુવાને પોતનો મત અધિકારી નો પહેલી વખત ઉપયોગ કર્યા હતો પોલીસ જવાનો દ્વારા વ્હિલ ચેર દ્વારા વૃધ્ધા ને મતદાન કરાવ્યું હતું.

## બાબરાની અગ્રણીની દીકરી યશ્વી મલકાણનો આજે જન્મ દિવસ



બાબરા, તા.૭

બાબરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનાં અધ્યક્ષ મુન્નાભાઈ મલકાણની લાડકવા દીકરી યશ્વી મલકણનો આજે જન્મ દિવસ પરિવાર દ્વારા જન્મ દિવસ નિમિતે સૌએ શુભેચ્છાઓ સહ આશીર્વાદ પાઠવ્યા છે.




## અમરેલી : જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે મતદાન કર્યું



અમરેલી, તા. ૭

ફોરવર્ડ હાઈસ્કુલ ખાતે પર્યાવરણની થીમ પર તૈયાર કરવામાં આવેલા આદર્શ મતદાન મથકની જિલ્લા કલેકટરએ મુલાકાત કરી.

અમરેલી તા. ૦૭ મે, ૨૦૨૪ (મંગળવાર) ૧૪-અમરેલી લોકસભા મત વિસ્તારમાં મતદાન પ્રક્રિયા અંતર્ગત અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અજય દહિયાએ મતદાન કરી તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જિલ્લા કલેકટરએ અમરેલી શહેરમાં આવેલા જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ ખાતેના મતદાન મથકના રૂમ નં. ૦૨ ખાતે મતદાન કર્યુ હતુ. જિલ્લા ચૂંટણી અધિકારીએ, ફોરવર્ડ હાઈસ્કુલના પ્રાંગણમાં પર્યાવરણની થીમ પર તૈયાર કરવામાં આવેલા આદર્શ મતદાન મથકની મુલાકાત લીધી હતી.
























### ક્ષત્રિય વિસ્તાર ધરાવતા વિસ્તારોમાં પોલીસ દ્વારા ઘોડે સવારીથી પેટ્રોલિંગ

# ગુજરાતની રાજકોટ, જામનગર સહિત ૯ સીટો પર ક્ષત્રિય સમાજનું પ્રભુત્વ

### પોલીસ બંદોબસ્ત વચ્ચે ક્ષત્રિય સમાજની બહેનો દીકરીઓ લાઇન લગાવી મતદાન કરવા પહોંચી રહી હતી

જામનગર, તા.૭

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને લોકોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. જોકે, આ ચૂંટણીમાં ક્ષત્રિય સમાજનો ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા વિરુદ્ધનો વિરોધ ખૂબ જ ચર્ચામાં રહ્યો છે. રાજકોટથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાનાં ક્ષત્રિય સમાજને લઈને આપવામાં આવેલ નિવેદન બાદ સતત ક્ષત્રિય સમાજના રોષનો સામનો કરવો પડી રહ્યો છે. તેમની ટિકિટ ભાજપે રદ ન કરતાં ક્ષત્રિય સમાજે અનેક મહાસંમેલનોનું આયોજન થયા અને સતત તેઓ ભાજપની વિરુદ્ધમાં મતદાન કરવા માટેનો નિર્ધાર વ્યક્ત કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, ગુજરાતની રાજકોટ, જામનગર સહિત ૯ સીટો પર ક્ષત્રિય સમાજનંર પ્રભુત્વ છે અને આ ૯ સીટ પર અસર કરવાનો દાવો પણ ક્ષત્રિય સમાજ દ્વારા કરવામાં આવી રહ્યો છે. ત્યારે આજે ગુજરાતમાં લોકસભા ચૂંટણીનું મતદાન થયું છે. ક્ષત્રિય વિસ્તાર ધરાવતા વિસ્તારોમાં પોલીસ દ્વારા ઘોડે સવારીથી પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું અને સમગ્ર ક્ષત્રિય વિસ્તારમાં પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો. સાથે સુરક્ષા અને કાયદો વ્યવસ્થા માટે ઘોડે સવારીથી પોલીસ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું. ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા અને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ પરિવાર સાથે અક્ષર મંદિર સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે મતદાન કર્યું હતું. ક્ષત્રિય સમાજના મહિલાઓ વૃદ્ધો અને મહિલાઓ નાના નાના બાળકોને લઈને મતદાન મથકે મતદાન કરવા પહોંચ્યા હતા અને મતદાન કર્યું હતું. સંકલન સમિતીના સભ્ય રમજુભા જાડેજાએ મોટો આક્ષેપ કર્યો હતો. ધ્રોલ તાલુકામાં મતદાન મથકે જતા મતદારોને અટકાવવામાં આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.જામનગરના રાંદલ નગર વોર્ડ નંબર ૨ ક્ષત્રિય સમાજનો આખો વિસ્તાર છે. જ્યાં પોલીસ બંદોબસ્ત વચ્ચે ક્ષત્રિય સમાજની બહેનો દીકરીઓની લાઈન લગાવી મતદાન કરવા પહોંચી રહી હતી. ક્ષત્રિય સમાજના લોકો મતદાન કરવા ઉમટી પડ્યા હતા.જામનગરમાં વોર્ડ નંબર ૨, ૪ વિસ્તારમાં જ્યાં ક્ષત્રિય પ્રભાવિત વિસ્તારમાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ સહિત ઉચ્ચ અધિકારીનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો અને જિલ્લા પોલીસ વડાપ્રેમસુખ ડેલુ હાલ સમગ્ર વિસ્તારનો પેટ્રોલિંગ કર્યું અને મતદાન મથકો પર પહોંચી નિરીક્ષણ પણ કર્યું .

### પીએમ દ્વારા ઠપકો આપતાં સુરક્ષાકર્મીઓ હટી ગયા હતા

# દિવ્યાંગ યુવતી સાથે વડાપ્રધાન મોદીએ કરી વાતચીત

### આ યુવતી પીએમને તેની મનની વાત કહેવા માંગતી હતી કદાચ તે પીએમને મળી પોતાની લાગણી વ્યક્ત કરવા માંગતી હતી

અમદાવાદ, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મતદાન કર્યા બાદ અમદાવાદના મતદાન મથકની બહાર આવી રહ્યા હતાં ત્યારે કાંઈક એવું બન્યું કે, તેમણે SPG કમાન્ડોને ઠપકો આપ્યો. હકીકતમાં બન્યુ હતું એવુ કે, પીએમ મોદી રાણીપ વિસ્તારની નિશાન પબ્લિક સ્કૂલના મતદાન કેન્દ્ર પર મતદાન કરી ચાલતા આવી રહ્યા હતાં. ત્યારે રોડની સાઈડમાં ઉભેલા લોકોનું અભિવાદન કરતા હતા ત્યારે તેમની નજર એક છોકરી પર પડી, તો તેઓ યુવતી પાસે ગયા હતા. તે યુવતીએ પીએમનો હાથ પકડી લીધો હતો. આ દરમિયાન પીએમની સાથે ચાલી રહેલા એસપીજીના જવાનોએ ચપળતા બતાવી અને તરત જ હાથ છોડાવવા આગળ વધ્યા હતા. ત્યારે પીએમે તેમને રોક્યા અને હટી જવા માટે ઈશારો કર્યો હતો.હકીકતમાં તે યુવતી દિવ્યાંગ હતી, તે જોઈ શકતી ન હતી. ત્યાં ઉભેલા લોકો પીએમની એક ઝલક મેળવવા માટે ઉભા હતા, પરંતુ આ યુવતી પીએમને તેની મનની વાત કહેવા માંગતી હતી. કદાચ તે પીએમને મળી પોતાની લાગણી વ્યક્ત કરવા માંગતી હતી.એવામાં જ્યારે પીએમ મોદી યુવતીની નજીક ગયા તો યુવતીએ પીએમનો હાથ પકડીને પોતાની વાત કહેવા લાગી હતી. સામાન્ય રીતે આવા કિસ્સામાં લોકો ૧-૨ સેકન્ડ માટે પીએમનો હાથ પકડી શકે છે, પરંતુ જો વધારે સમય હાથ પકડી રાખે તો કમાન્ડો તેમા દખલગીરી કરે છે. આજે અહીં પણ આવું જ બન્યું હતું. કારણ કે,આવું ક્યારેક ખતરનાક પણ બની શકે છે. મહત્ત્વની વાત એ છે, એસપીજીને આવી પરિસ્થિતિ માટે પણ તાલીમ આપવામાં આવી હોય છે. જોકે, પીએમ દ્વારા ઠપકો આપતાં સુરક્ષાકર્મીઓ હટી ગયા હતા.હાલમાં આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અને લોકો કહી રહ્યા છે કે, 'મોદીજીએ લોકોના દિલ જીતી લીધા છે.' આ ઉપરાંત આજે પીએમએ એક બાળકને ખોળામાં બેસાડી રમાડ્યો હતો, તો કેટલાક લોકોને તેમણે ઓટોગ્રાફ પણ આપ્યા.

### ૧૨ રાજ્યોમાં લોકશાહીનો મહાપર્વ ઊજવાયો

# મતદારોને પડી તકલીફ અનેક જગ્યાએ EVM મશીન બગડ્યા

### અનેક બુથો પર EVM મશીન ખરાબ થતા મતદાન બુથ મતદારોની જોવા મળી લાંબી લાઈનો

ગાંધીનગર, તા.૭

ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં લોકશાહીનો મહાપર્વ ઊજવાઈ રહ્યો છે. ગુજરાતમાં ૨૫ લોકસભા બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. ત્યારે કેટલાક મતદાન મથકો પર EVM મશીનો ખોટકાયા હોવાની ઘટનાઓ સામે આવી છે જેમાં. અંકલેશ્વર, મોરબી, અરવલ્લી, સુરેન્દ્રનગર, કચ્છ, બાયડ, બનાસકાંઠા, અમદાવાદ, નવસારી, વલસાડ ,વડોદરા અને રાજકોટમાંથી EVM મશીન બગડ્યા હોવાના સમાચાર મળ્યા છે.

રાજકોટની વાત કરીએ તો જેતપુર તાલકાના ખીરસરા ગામે EVM મશીનમાં ટેકનિકલ ફોલ્ટ થયો હોવાની ઘટના બની છે. શ્રી ખીરસરા કુમાર પ્રાથમિક શાળા ખાતે EVM મશીનમાં ટેકનિક ફોલ્ટ થતા મશીન અડધો કલાક સુધી બંધ થયું હતું. જો કે, ચૂંટણી વિભાગની ટીમ દ્વારા મશીન બદલવાની કામગીરી હાથ ધરાઈ હતી. દરમિયાન, મતદાન મથક બહાર મતદારોની લાંબી કતાર જોવા મળી હતી.સુરેન્દ્રનગરમાં લીંબડી પ્રાથમિક શાળા નંબર ૪ માં ઈફસ મશીન બંધ થતા મતદાન પ્રક્રિયા અટવાઈ હતી. EVM મશીન બંધ થતાં અંદાજે ૩૦ મિનિટ સુધી મતદાન બંધ રહ્યું હતું, જેના કારણે બુથ બહાર મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. જો કે, મશીન બંધ થતા લીંબડી પ્રાંત અધિકારી તાત્કાલિક મતદાન મથકે પહોંચ્યા હતા અને સમસ્યા દૂર થતા મતદાન ફરી રાબેતા મુજબ શરૂ થયું હતું.

ભરૂચની વાત કરીએ તો અંકલેશ્વરના અંદાડા ગામે કન્યા શાળામાં મતદાન શરૂ થતાં પહેલા જ EVM મશીન બગડ્યું હતું, જેના કારણે મતદારોને હાલાકી ભોગવી પડી હતી. જો કે, મશીન રિપેર થતાં મતદાન પ્રક્રિયા ફરી હાથ ધરાઈ હતી. મોરબીમાં કન્યા છાત્રાલય, વડોદરાના વાઘોડિયામાં ૩ બુથ પર અને અરવલ્લી જિલ્લામાં બાયડના તેનપુર ૨ મતદાન મથકમાં EVM મશીન ખોટકાયાંહતાં, જેના કારણે બુથ બહાર મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી અને મતદારોને વોટ કરવા માટે વધુ સમય સુધી રાહ જોવી પડી હતી.

નવસારીમાં ટાટા બોય્ઝ સ્કૂલમાં મતદાન શરૂ થતા જ EVMમાં ખામી સર્જાઈ હતી. જે બાદ ૩૦ મિનિટ સુધી મતદાન મોડું શરૂ થતા સ્કૂલની બહાર મતદારોની લાંબી લાઈનો લાગી હતી. આ રીતે ભાવનગરમાં પણ મિલિટરી સોસાયટીની શાળામાં ૨ ઈફસ મશીન ખરાબ થતા અડધો કલાક સુધી મતદાન રોકાયું હતું. તો બનાસકાંઠાના વાવના એટા અને કલ્યાણપુરા ગામે EVMમાં ખામી સર્જાતા ૧ કલાક સુધી મતદાન બંધ રહ્યું હતું. જેના કારણ સવારથી લાઈનમાં ઊભેલા લોકો અકળાયા હતા

બનાસકાંઠામાં ઈવીએમ ખોટવાતા અડધો કલાક સુધી મતદાન ખોરવાયું હતું. જૂનાગઢમાં ટેકનીકલ ખામી સર્જાઈ હોવાની વિગતો પણ મળી રહી છે. જુનાગઢ લોકસભાના જનરલ ઓબ્ઝર્વર ઘટના સ્થળે પહોંચી અને તાત્કાલિક અસરથી એવીએમ બદલવાની કામગીરી કરી હતી. બારડોલી ૨૧૬, ગંગાનગર ૧૨૩, રાજપુર ૧૩૦ અને ૩૧ એવીએમ ખોટવાતા તાત્કાલિક બદલવામાં આવ્યું છે.વલસાડના કપરાડામાં આવેલા જીરવલ બરડા ફળિયા ખાતે પણ સવારે ૭ વાગ્યે ઈફસ મશીન ખરાબ થઈ ગયું હતું. તો અમદાવાદના કાલુપુરમાં શાળા નંબર ૨૨માં EVMમાં ખામી સર્જાઈ હતી, જેના કારણે મતદાનમાં વિલંબ થયો હતો.

રાજયમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું છે ક્યાંય પણ કોઈ અનિચ્છનીય બનાવનાર સમાચાર સામે નથી આવ્યા.

### રાહુલ ગાંધીએ ભાજપ પર આક્ષેપ કર્યો

# ચૂંટણીમાં જીત થતા ભારતનું બંધારણ બદલવામાં આવશે

### ભાજપના અનેક નેતાઓ દ્વારા રાહુલ ગાંધીના આ દાવાને નકારવામાં આવ્યો

નવીદિલ્હી, તા.૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભાજપ પર આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીમાં જીત થતા ભારતનું બંધારણ બદલવામાં આવશે. રાહુલ ગાંધી અનેક વખત ચૂંટણી પ્રચારમાં આક્ષેપ કર્યો છે કે ભાજપ પક્ષ ભારતનું બંધારણ બદલશે. ભાજપના અનેક નેતાઓ દ્વારા રાહુલ ગાંધીના આ દાવાને નકરાવામાં આવ્યો. જ્યારે આજે મતદાનના ત્રીજા તબક્કામાં ભાજપના એક નેતાનું ચોંકાવનારું નિવેદન સામે આવ્યું છે. રાજસ્થાનના એક નેતા દ્વારા હવે બંધારણ બદલવામાં આવશે તેવા સ્વીકારની શરૂઆત કરવામાં આવી છે.ભાજપના નેતાઓ ખુલ્લેઆમ બંધારણ બદલવાની વાત કરી રહ્યા છે. આ સંદર્ભમાં, હવે રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી દિયા કુમારીએ કહ્યું છે – આજે બંધારણ બદલવું જરૂરી છે. ભાજપની વિચારસરણી બંધારણ વિરોધી છે, તેઓ અનામત અને બંધારણને ખતમ કરવા માંગે છે. મહત્વનું છે કે લોકસભા ચૂંટણીની જાહેરાત સાથે રાહુલ ગાંધી ભાજપ અને પીએમ મોદી પર અનેક પ્રહાર કર્યા છે. રાહુલ ગાંધીએ પોતાના ચૂંટણી પ્રચારમાં નાગરિકોને અનેક વખત અપીલ કરી હતી કે જો તમારે ભારતનું બંધારણ બચાવવું હોય તો ભાજપને હરાવો અને કોંગ્રેસને મત આપો. રાહુલ ગાંધીના બંધારણ બદલવાના દાવાને લઈને કોંગ્રેસના મહાનુભાવોથી લઈને તમામ સ્ટાર પ્રચારકોએ સ્લોગન કંઠસ્થ કર્યું હતું કે મોદી અને આરએસએસ બંધારણમાં ફેરફાર કરીને દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓના અનામત અને અધિકારો છીનવી લેવા માંગે છે. અમે ભાજપના આ પ્રયાસને નિષ્ફળ બનાવીશું. અમે અમારા જીવનનું બલિદાન આપીશું, પરંતુ બંધારણને અસર નહીં થવા દઈએ.ભાજપના દિગ્ગજ નેતાઓથી લઈને ડેપ્યુટી સીએમ સુધી બધાએ શરૂઆતમાં નકાર્યો હતો. પરંતુ હવે ચૂંટણીના તબક્કા જેમ-જેમ પસાર થાય છે તેમ ભાજપા નેતાના નિવેદનોમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે.

### ભાજપના પક્ષની સિમ્બોલ વાળી કેસરી પેન લઈને બેઠેલા હતા સરકારી કર્મચારીઓ

# શક્તિસિંહ ગોહિલે સરકારી કર્મચારીઓ સામે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી

### આવા સરકારી કર્મચારીઓ સામે ચૂંટણી તંત્ર પોલીસ કેસ કરે તેવી માગણી કરી

ગાંધીનગર, તા.૭

સુવિધા કેન્દ્રના મતદાન મથક ઉપર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે મતદાન કરવા સમયે ભાજપના પક્ષની સિમ્બોલ વાળી કેસરી પેન લઈને બેઠેલા સરકારી કર્મચારીઓ સામે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. એટલું જ નહીં ગુજરાતના જે જે બુથ્થોની અંદર આવી ભાજપના સિમ્બોલ સાથેની પેન કે અન્ય સાહિત્ય સાથે બેઠેલા સરકારી કર્મચારીઓ સામે ચૂંટણી તંત્ર પોલીસ કેસ કરે તેવી માગણી કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મતદાન સમયે મતદાન મથકની અંદર કેસરી ખેસ પહેર્યો હોવાનો આક્ષેપ શક્તિસિંહ દ્વારા કરવામાં આવ્યો હતો અને તેઓએ પણ રાષ્ટ્ર ધ્વજ જેવો ખેસ પહેરી મતદાન કર્યું હતું. આ સિવાય તેમણે ગાંધીનગર જિલ્લાના વાસણીયા ગામની અંદર પણ કોંગ્રેસ તરફી મતદાન થતું હતું, જેના કારણે ભાજપના મહિલા ધારાસભ્યના પતિએ આ મતદાન રોક્યું હોવાનો આક્ષેપ શક્તિસિંહ ગોહિલ દ્વારા લગાવવામાં આવ્યો હતો. વધુમાં તેમણે કહ્યું કે વાસણીયા ગામમાં જે ઘટના બની છે, તે બાબતે ચૂંટણી પંચ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે અને બંધ થયેલું મતદાન પુનઃ શરૂ કરાવવામાં આવે. દરમિયાનમાં ગુજરાતમાં ૨૫ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. ૨૫ બેઠકો માટે ચૂંટણી જંગના મેદાનમાં ૧૯ મહિલા ઉમેદવારો સહિત ૨૬૬ ઉમેદવારો રાજકીય નસીબ અજમાવી રહ્યાં છે. ગુજરાતની ૨૫ બેઠકોમાં ગૃહમંત્રી અમિત શાહની ગાંધીનગર બેઠક વીવીઆઈપી છે. જ્યારે ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની નવસારી બેઠક પણ વીવીઆઈપી છે. રાજયભરમાં શરૂઆતથી અંદાજે ૫૦,૦૦૦ મતદાન મથકો પર મતદાનની પ્રક્રિયા શરૂ થઈ છે. ચૂંટણીમાં આ વખતે ૪.૯૭ કરોડ મતદારો નોંધાયા છે. સંવેદનશીલ મતદામ મથકો ખાતે પોલીસ, પેરામિલિટ્રી ફોર્સ સહિતના જવાનો તહેનાત કરવામાં આવ્યા છે.

### કાળઝાળ ગરમી વચ્ચે પડશે વરસાદ

# ગુજરાતના ૪ જિલ્લાઓમાં વરસાદની આગાહી : હવામાન વિભાગ

### ગુજરાતમાં આગામી દિવસોમાં પણ ગરમી યથાવત રહેવાની શક્યતાઓ સાથે વરસાદની સંભાવનાઓ પણ તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવી છે

અમદાવાદ, તા.૭

રાજ્યમાં ગરમીનું જોર રહેવાની અને હીટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સાથે જ વરસાદ થવાની સંભાવનાઓ પણ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જેમાં રાજયાના ચાર જિલ્લાઓમાં વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ છે.આજે ગુજરાતમાં મતદાનનો દિવસ છે, લોકસભાના ત્રીજા તબક્કાની ચૂંટણીમાં ગુજરાતની ૨૫ બેઠકો પર મતદાનનો દિવસ છે આવામાં આકરી ગરમી વચ્ચે મતદારો સવારે જે ગતિથી મતદાન મથકો પર આવી રહ્યા હતા તેમાં મોટો ઘટાડો નોંધાયો છે. ઘણાં મતદાન મથકો આકરી ગરમીના કારણે ખાલીખમ દેખાઈ રહ્યા છે. આવામાં ગુજરાતમાં હવામાનની શું સ્થિતિ છે તે અંગે અમદાવાદ હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક રામાશ્રય દ્વારા કેટલીક જરુરી માહિતી આપવામાં આવી છે. ગુજરાતમાં આગામી દિવસોમાં પણ ગરમી યથાવત રહેવાની શક્યતાઓ સાથે વરસાદની સંભાવનાઓ પણ તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. નોંધનીય છે કે,ભરબપોરે અંબાજીમાં વરસાદ નોંધાયો છે.હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના વૈજ્ઞાનિક રામાશ્રય જણાવે છે કે, આગામી પાંચ દિવસ ગુજરાતનું હવામાન સૂકું રહેવાની શક્યતાઓ છે. જ્યારે છઠ્ઠા અને સાતમા દિવસે હળવા વરસાદની સંભાવનાઓ કેટલાક વિસ્તારો માટે વ્યક્ત કરવામાં આવી છે. વરસાદની શક્યતાઓ દક્ષિણ ગુજરાત માટે વ્યક્ત કરાઈ રહી છે.

હળવા વરસાદની સંભાવનાઓ છે તેમાં છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગનો સમાવેશ થાય છે. હળવા વરસાદની શક્યતાઓ પહેલા રાજ્યમાં આકરી ગરમીની સંભાવનાઓ છે જેમાં કેટલાક વિસ્તારમાં હીટવેવની પણ શક્યતાઓ છે જેમાં દીવ અને ભાવનગરનો સમાવેશ થાય છે. અહીં ૭ અને ૮ મે એમ બે દિવસ હીટવેવ રહેવાની શક્યતાઓ છે.

ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમી સાથે બફારાની સ્થિતિ આગામી દિવસોમાં રહેવાની સંભાવનાઓ છે. મહત્તમ તાપમાનમાં આગામી દિવસોમાં કોઈ મોટા ફેરફારની સંભાવનાઓ નથી. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૨ અને ગાંધીનગરમાં ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું. આજે ગાંધીનગર અને અમદાવાદમાં તાપમાન ૪૨ ડિગ્રી જવાની સંભાવનાઓ છે.

ગુજરાતમાં સૌથી ઊંચું મહત્તમ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૧.૩ ડિગ્રી નોંધાયું છે. આમ હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગરમીનું જોર યથાવત રહેવાની સંભાવનાઓ સાથે ૧૨ અને ૧૩ તારીખે ગુજરાતના દક્ષિણ ભાગમાં હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે.

### સુપ્રીમ કોર્ટમાં મંગળવારે સુનાવણી પૂર્ણ થઈ

# કોર્ટે કેજરીવાલના વચગાળાના જામીન પર કોઈ નિર્ણય આપ્યો નથી

### સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવશે તો તેમને સત્તાવાર કામ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં

નવીદિલ્હી, તા.૭

દિલ્હી દારૂ કૌભાંડમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર સુપ્રીમ કોર્ટમાં મંગળવારે સુનાવણી પૂર્ણ થઈ ગઈ. કોર્ટે કેજરીવાલના વચગાળાના જામીન પર કોઈ નિર્ણય આપ્યો નથી. વચગાળાના જામીન પર સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે અને નિર્ણય અનામત રાખવામાં આવ્યો છે. કેજરીવાલે ધરપકડને કોર્ટમાં પડકારી હતી. અગાઉ કોર્ટે કહ્યું હતું કે અંતિમ આદેશ આપતા પહેલા અમે ઘણીવાર વચગાળાના આદેશો આપીએ છીએ. અમે એ વાતમાં નથી જઈ રહ્યા કે તે રાજકીય વ્યક્તિ છે કે નહીં. તેના બદલે, અમે જોઈ રહ્યા છીએ કે આ કેસ સાચો છે કે નહીં. આમાં અપવાદરૂપ કેસમાં જામીન પર વિચાર કરી શકાય કે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવશે તો તેમને સત્તાવાર કામ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.બેન્ચે કહ્યું કે અમે વચગાળાના જામીન પર બંને પક્ષોને સાંભળ્યા છે. સુનાવણી દરમિયાન કોર્ટે કેજરીવાલના વકીલ સિનિયર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીને પૂછ્યું કે શું કેજરીવાલને જામીન મળ્યા બાદ તેઓ સરકારી ફાઈલો પર સહી કરશે કે મુખ્યમંત્રી તરીકે નિર્દેશ આપશે. આના પર સિંઘવીએ કહ્યું કે તેમના અસીલ દિલ્હીની દારૂની નીતિ મામલે કોઈપણ રીતે દખલ નહીં કરે. કોર્ટે કહ્યું કે અમે નથી ઈચ્છતા કે તે સરકારના કામકાજમાં દખલ કરે.કેજરીવાલના વકીલે કહ્યું કે તેમનો અસીલ આતંકવાદી નથી. તે કાયદો તોડનાર નથી તેથી તેને વચગાળાના જામીન મળવા જોઈએ. આના પર જામીનનો વિરોધ કરતા ઈઢએ કહ્યું કે શું નેતાઓ માટે અલગ અપવાદ હશે? શું ચૂંટણીમાં પ્રચાર કરવો જરૂરી છે? જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચ આ કેસની સુનાવણી કરી રહી છે. ઈઢ વતી એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ કહ્યું કે જ્યારે અમે તપાસ શરૂ કરી ત્યારે અમારી તપાસ સીધી કેજરીવાલ સામે નહોતી, તેથી શરૂઆતમાં તેમને સંબંધિત એક પણ સવાલ પૂછવામાં આવ્યો ન હતો. તપાસ તેના પર કેન્દ્રિત ન હતી. તપાસ દરમિયાન તેમની ભૂમિકા સામે આવી હતી, સુપ્રીમ કોર્ટે કેજરીવાલની વચગાળાની જામીન અરજી પર સુનાવણી કરતા ઈઢને ઘણા સવાલો કર્યા હતા. કોર્ટે પૂછ્યું કે ચૂંટણી પહેલા જ કેજરીવાલની ધરપકડ કેમ કરવામાં આવી? કેજરીવાલ કેસમાં શું જોડવામાં આવ્યું છે? કેસમાં કાર્યવાહી અને ધરપકડ વચ્ચે લાંબો સમય કેમ રહ્યો?

### કોરોના દરેક સામે કારગર All-In-One રસી

# વૈજ્ઞાનિકોએ સંયુક્ત રીતે એક નવી ઓલ-ઇન-વન રસી શોધી કાઢી

### જે વેક્સીન ડેવલપમેન્ટનો અભિગમ છે, જેણે ઉંદરમાં આશાસ્પદ પરિણામો દર્શાવ્યા છે

નવીદિલ્હી તા.૭

વિશ્વની અગ્રણી યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકોની ટીમે કોરોના વાયરસ સામેની લડાઈમાં મોટી સફળતા હાંસલ કરી છે. આ ટીમે કોરોનાને હરાવવા માટે એક નવો ઓલ-ઈન-વન ડોઝ વિકસાવ્યો છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ડોઝ માનવોને કોરોના વાયરસના દરેક પ્રકારથી સુરક્ષિત કરી શકે છે. આમાં તે વેરિયન્ટ્સ પણ સામેલ છે જે હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. હકીકતમાં, કોરોનાને લઈને એ વાત સામે આવી છે કે આ વાયરસ તેના સ્વરૂપમાં લોકોની મુશ્કેલીઓ વધારે છે. આ વાયરસથી બચાવ માત્ર રસી દ્વારા જ શક્ય છે.અમેરિકા અને યુરોપના વૈજ્ઞાનિકોએ સંયુક્ત રીતે એક નવી ઓલ-ઈન-વન રસી શોધી કાઢી છે. આ રસી ઓમિક્રોન, ડેલ્ટા, આલ્ફા, ગામા, એક્સ સહિત કોરોનાના તમામ પ્રકારો સામે રક્ષણ આપી શકે છે. વૈજ્ઞાનિકનું આ સંશોધન સોમવારે 'નેચર નેનોટેકનોલોજી'માં પ્રકાશિત થયું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે આ નવી શોધ પ્રોએક્ટિવ વેક્સિનોલોજી પર આધારિત છે, જે વેક્સીન ડેવલપમેન્ટનો અભિગમ છે, જેણે ઉંદરમાં આશાસ્પદ પરિણામો દર્શાવ્યા છે.અમેરિકાની ઓક્સફર્ડ, કેમ્બ્રિજ યુનિવર્સિટી અને કેલ્ટેકના સંશોધકોએ સંયુક્ત રીતે આ અભ્યાસ હાથ ધર્યો છે, જેમાં કોરોના વાયરસના આઠ વિવિધ પ્રકારો પર તેની અસરની પણ તપાસ કરવામાં આવી હતી. આમાં SARS-CoV-2 નો પણ સમાવેશ થાય છે જેના કારણે COVID-૧૯ ફાટી નીકળ્યો અને હાલમાં હવામાં ફરતા અનેક પ્રકારો અને માનવોમાં ફેલાવાની અને રોગચાળાનું કારણ બને તેવી સંભાવના ધરાવે છે.કેમ્બ્રિજ યુનિવર્સિટીના ફાર્માકોલોજી વિભાગના સ્નાતક સંશોધક રોરી હિલ્સે જણાવ્યું હતું કે, અમારું ધ્યાન એવા ડોઝ બનાવવા પર છે જે આપણને આગામી કોરોના વાયરસથી સુરક્ષિત કરે. તેને ટૂંક સમયમાં તૈયાર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉદાહરણ તરીકે, નવા ડોઝમાં SARS-CoV-1 કોરોના વાયરસનો સમાવેશ થતો નથી. પરંતુ તે હજી પણ તે વાયરસ સામે મનુષ્યમાં રોગપ્રતિકારક પ્રતિક્રિયા પેદા કરી શકે છે. તેમણે કહ્યું કે નવા કોરોના વાયરસની મહામારી આવે ત્યાં સુધી આપણે રાહ ન જોવી જોઈએ.

હિલ્સે કહ્યું, અમે એક ડોઝ બનાવ્યો છે જે વિવિધ પ્રકારના કોરોના વાયરસ સામે રક્ષણ પૂરું પાડે છે, જેમાં એવા પ્રકારોનો સમાવેશ થાય છે કે જેના વિશે અમને હજુ સુધી ખબર નથી. તેની અસરકારકતાની ચાવી એ છે કે ચોક્કસ વાયરસ પ્રદેશો કે જેને રસી લક્ષ્યાંકિત કરે છે તે ઘણા સંબંધિત કોરોના વાયરસમાં પણ દેખાય છે. આ વિસ્તારો પર હુમલો કરવા માટે રોગપ્રતિકારક તંત્રને તાલીમ આપીને, તે અન્ય કોરોના વાયરસ સામે રક્ષણ પૂરું પાડે છે જેઓ રસીમાં દર્શાવવામાં આવ્યા નથી, જેમાં હજી સુધી ઓળખવામાં આવી નથી.

તેમણે કહ્યું, આપણે કોરોનાના નવા પ્રકાર માટે રાહ જોવાની જરૂર નથી. રિપોર્ટના વરિષ્ઠ લેખક અને કેમ્બ્રિજ યુનિવર્સિટીના ફાર્માકોલોજી વિભાગના પ્રોફેસર માર્ક હોવાર્થે કહ્યું કે, અમે કોરોના અને તેની સામેની વિવિધ પ્રતિરક્ષાઓ વિશે પૂરતા પ્રમાણમાં જાણીએ છીએ. હવે આપણે કોરોના સામે રક્ષણાત્મક રસી તૈયાર કરી શકીએ છીએ.

### સાંજે ૫ વાગ્યા સુધીમાં ૫૫.૨૨ ટકા મતદાન થયું

# ગુજરાતની ૨૫ બેઠકો પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પરિપૂર્ણ થયું

### વિધાનસભાની ૫ બેઠકો પર ૫૬.૫૬ ટકા મતદાન થયું છે : મતદાન સાંજે ૬:૦૦ વાગે સંપન્ન થયું હતું : રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતી

ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો પર મતદાન પૂર્ણ થયું છે. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ પત્રકાર પરિષદ સંબોધી માહિતી આપી છે. તેમના જણાવ્યા પ્રમાણે, રાજ્યમાં આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું છે. ૨૫ બેઠકો પર મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ છે. સાંજે ૫ વાગ્યા સુધીમાં ૫૫.૨૨ ટકા મતદાન થયું છે. રાત્રે ૧૨ વાગ્યે સત્તાવાર આંકડા સામે આવશે.

રાજ્યમાં ૨૫ બેઠકો પર મતદાન સમયે ૯૨ જેટલી ફરિયાદો મળી છે. રાજ્યના ત્રણ ગામોમાં મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવ્યો છે. EVM ખોટકાયાની ૧૧ ફરિયાદો મળી હતી. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં સવારથી જ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. રાજયના તમામ સંસદીય મતવિભાગોમાં મતદાનની પ્રક્રિયા સરળતાથી અને સુપેરે પૂર્ણ થઈ છે. રાજ્યના વિશિષ્ટ પ્રકારના મતદાન મથકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં રાજ્યની ૨૫ લોકસભા બેઠક પર સરેરાશ ૫૫.૨૨ ટકા તથા વિધાનસભાની ૦૫ બેઠકો પર ૫૬.૫૬ ટકા મતદાન થયું છે. મતદાન આજે સાંજે ૬:૦૦ વાગે સંપન્ન થયું હતું. આજે મોડી રાત્રે ૧૨ વાગ્યે ચોક્કસ ટકાવારી જાણી શકાશે.રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ ઉમેર્યું હતું કે, રાજયના ૨૫ સંસદીય મતવિભાગોના ૪૯,૧૪૦ મતદાન મથકો પૈકી ૧,૮૨૦ મતદાન મથકોમાં 2 BUs નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મતદાન દરમિયાન સાંજના ૫.૦૦ કલાક સુધીમાં ૧૧૬ એટલે કે ૦.૨૩% BU, ૧૧૪ એટલે કે ૦.૨૩ % ઝે અને ૩૮૩ એટલે કે ૦.૭૮ % VVPAT બદલવામાં આવ્યા હતા. તમામ જિલ્લાઓમાં ઝોનલ ઓફિસર કે જે તે વિસ્તારના ઈન્ચાર્જ પાસે રિઝર્વ મશીન સેટ ઉપલબ્ધ રાખવામાં આવ્યા હતા. જ્યાં પણ નાની મોટી સમસ્યા સર્જાઈ, ત્યાં ત્વરિત ઈફસ્ના બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ કે વીવીપેટ યુનિટ રિપ્લેસ કરવામાં આવ્યા છે.

૭ મે ના રોજ મતદાનના કલાકો દરમિયાન ભારતના ચૂંટણી પંચ દ્વારા ૮ એલર્ટ મળ્યા હતા. જેમાં EVM અંગેના ૩ એલર્ટ, આદર્શ આચારસંહિતા ભંગની ૧ તથા અન્ય ૪ એલર્ટ હતા. c-VIGILના માધ્યમથી મતદાનના દિવસે ૧૮૬ તથા આદર્શ આચારસંહિતા સમયગાળાની શરૂઆતથી પ્રિ-પોલ ડે સુધીમાં કુલ ૫,૧૧૮ ફરિયાદો મળી કુલ ૫,૩૧૫ ફરિયાદો મળી છે. National Grievance Service Portal માધ્યમથી મતદાનના દિવસે ૭૫૯ ફરિયાદ તથા આદર્શ આચારસંહિતા સમયગાળાની શરૂઆતથી પ્રિ-પોલ ડે સુધીમાં ૧૫,૫૮૧ મળી અત્યાર સુધીમાં કુલ ૧૬,૩૪૦ ફરિયાદો મળી છે.મતદાનના દિવસે કંટ્રોલરૂમ સહિત EVM સંબંધી ૧૧, આદર્શ આચારસંહિતા સંબંધી ૨૧ તથા બોગસ વોટીંગ, કાયદો વ્યવસ્થા, ક્રાઉડીંગ વગેરે અંગે ૧૮ અને અન્ય ૪૨ મળી કુલ ૯૨ ફરિયાદો મળી છે. અન્ય માધ્યમો થકી તારીખ ૬ મે સુધી ૨,૩૮૪ મળી અત્યાર સુધીમાં કુલ ૨,૪૭૬ ફરિયાદો મળી છે. આમ કુલ ૨૪,૧૩૧ ફરિયાદો મળી છે.

પ્રાથમિક માહિતી પ્રમાણે ભરૂચના કેસર, સુરતના સણધરા તેમજ બનાસકાંઠાના ભાખરી ગામે ગ્રામજનોએ મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હોવાની જાણકારી મળી છે. જ્યારે માંગરોળના ભાટગામ તથા બાલાસિનોરના બોડોલી અને પુંજરા ગામે આંશિક બહિષ્કારની જાણકારી મળી છે.પારદર્શક ચૂંટણી યોજવાના નિર્ધાર સાથે રાજ્યના ૨૫,૦૦૦ જેટલા મતદાન મથકો ખાતેથી વૅબ કાસ્ટીંગ કરવામાં આવ્યું હતું. જ્યાં ફરિયાદો મળી હતી તે મતદાન મથકોનું વેબ કાસ્ટીંગ થકી ક્રોસ વેરિફિકેશન પણ કરવામાં આવ્યું હતું. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ પોલીંગ સ્ટાફની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, લગભગ ૪૦ થી ૪૧ ડિગ્રીની ગરમીમાં પણ મતદાન સ્ટાફે ખૂબ જ નિષ્ઠાથી ફરજ નિભાવી છે તે બદલ તેમણે મતદાન સ્ટાફ તથા તેમના પરિવારજનોનો આભાર પ્રગટ કર્યો હતો. રાજ્યમાં બનેલી કેટલીક દુ:ખદ ઘટનાઓ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, રાજુલામાં એક કર્મચારીને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થઈ છે. જ્યારે જાફરાબાદ તાલુકામાં એક કર્મચારીનું મૃત્યુ થયું છે અને છોટાઉદેપુરમાં એક પોલીસ કર્મચારીનું બાઈક અકસ્માતમાં મૃત્યુ થયું છે. તેમણે દિવંગતોને શ્રદ્ધાંજલી અર્પી હતી.

| બેઠક | ૫ વાગ્યા સુધીની ટકાવારી |
|---|---|
| અમદાવાદ પૂર્વ | ૪૯.૯૫% |
| અમદાવાદ પશ્ચિમ | ૫૦.૨૯% |
| અમરેલી | ૪૫.૫૯% |
| આણંદ | ૬૦.૪૪% |
| બારડોલી | ૬૧.૦૧% |
| ભરૂચ | ૬૩.૫૬% |
| બનાસકાંઠા | ૬૪.૪૮% |
| ભાવનગર | ૪૮.૫૯% |
| છોટા ઉદેપુર | ૬૩.૭૬% |
| દાહોદ | ૫૪.૭૮% |
| ગાંધીનગર | ૫૫.૬૫% |
| જામનગર | ૫૨.૩૬% |
| જૂનાગઢ | ૫૩.૮૪% |
| ખેડા બેઠક | ૫૩.૮૩% |
| કચ્છ બેઠક | ૪૮.૯૬% |
| મહેસાણા | ૫૫.૨૩% |
| નવસારી | ૫૫.૩૧% |
| પોરબંદર | ૪૬.૫૧% |
| પંચમહાલ | ૫૩.૯૯% |
| પાટણ | ૫૪.૫૮% |
| રાજકોટ | ૫૪.૨૯% |
| સાબરકાંઠા | ૫૮.૮૨% |
| સુરેન્દ્રનગર | ૪૯.૧૯% |
| વડોદરા | ૫૭.૧૧% |
| વલસાડ | ૬૮.૧૨% |

ગુજરાતની પાંચ વિધાનસભાની બેઠક પર ૫ વાગ્યા સુધીમાં સરેરાશ મતદાન

| બેઠક | ૫ વાગ્યા સુધીની ટકાવારી |
|---|---|
| વિજાપુર | ૫૯.૪૭% |
| ખંભાત | ૫૯.૯૦% |
| પોરબંદર | ૫૧.૯૩% |
| વાઘોડિયા | ૬૩.૭૫% |
| માણાવદર | ૪૮.૪૫% |

### કોંગ્રેસે પરિવારનું ગૌરવ વધારવા ખોટો ઈતિહાસ લખ્યો : પીએમ મોદી

### આ પરિવારવાદીઓએ પોતાને ગૌરવ આપવા માટે ખોટો ઈતિહાસ લખ્યો અને હવે તેઓ બંધારણ વિશે પણ જુઠ્ઠાણું રચવા લાગ્યા છે : વડાપ્રધાન

ધાર, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે મધ્યપ્રદેશના ધારમાં જોરદાર ચૂંટણી પ્રચાર કર્યો. PM મોદી ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું કે આ ચૂંટણીમાં વિપક્ષ સંપૂર્ણ વિનાશના આરે પહોંચી ગયો છે. જનતાએ તેમને નકારી દીધા છે કારણ કે તેમની પાસે કોઈ એજન્ડા નથી. વડાપ્રધાને કહ્યું, ''૪ જૂન આડે એક મહિનો પણ બાકી નથી. ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. પહેલા તબક્કામાં વિપક્ષનો પરાજય થયો હતો, બીજા તબક્કામાં વિપક્ષ પડી ભાંગ્યો હતો અને ત્રીજા તબક્કા પછી જે થોડા સિતારા દેખાતા હતા તે પણ હવે સેટ થશે, કારણ કે આખા દેશે નક્કી કર્યું છે કે ફરી એકવાર મોદીની સરકાર.તેમણે કહ્યું, ''કોંગ્રેસ બાબા સાહેબને નફરત કરે છે, હવે આ નફરતના કારણે કોંગ્રેસે વધુ એક પગલું ભર્યું છે. કોંગ્રેસ ઈચ્છે છે કે બંધારણ બનાવવાનો શ્રેય બાબા સાહેબને ન મળવો જોઈએ. કોંગ્રેસ કહેવા લાગી છે કે બંધારણ બનાવવામાં બાબા સાહેબનો ફાળો ઓછો હતો, પરંતુ બંધારણ બનાવવામાં સૌથી મોટી ભૂમિકા નેહરુજીએ ભજવી હતી. આ પરિવારવાદીઓએ સૌપ્રથમ દેશના ઈતિહાસને વિકૃત કર્યો અને આઝાદીના મહાન સપૂતોને ભુલાવી દીધા. આ પરિવારવાદીઓએ પોતાને ગૌરવ આપવા માટે ખોટો ઈતિહાસ લખ્યો અને હવે તેઓ બંધારણ વિશે પણ જુઠ્ઠાણું રચવા લાગ્યા છે.''

આ પહેલા ખરગોનમાં એક રેલીમાં તેમણે કહ્યું હતું કે લોકોએ નક્કી કરવું પડશે કે દેશ 'વોટ જેહાદ'થી ચાલશે કે 'રામ રાજ્ય'થી. તેમણે વિપક્ષ કોંગ્રેસ પર પણ પ્રહાર કરતા કહ્યું કે તેના ઈરાદાઓ ખૂબ જ ખતરનાક છે અને તેમની વિરુદ્ધ ''વોટ જેહાદ'' માટે બોલાવે છે. તેમણે કહ્યું, ''ભારત ઈતિહાસના નિર્ણાયક તબક્કે છે; તમારે નક્કી કરવાનું છે કે દેશ વોટ જેહાદ પર ચાલશે કે રામરાજ્ય પર.વડા પ્રધાને કહ્યું, ''વિપક્ષના ભારતીય ગઠબંધન ભાગીદારોને લોકોના ભાવિની ચિંતા નથીપ તેઓ તેમના પરિવારોને બચાવવા માટે ચૂંટણી લડી રહ્યા છે.'' પોતાના રાજકીય વિરોધીઓ પર નિશાન સાધતા મોદીએ કહ્યું કે તેમણે વિપક્ષના એજન્ડાનો પર્દાફાશ કરતાની સાથે જ વિપક્ષે તેમની સામેની આખી ''દુરુપયોગની ડિક્શનરી'' ખાલી કરી દીધી છે.સભાને સંબોધતા મોદીએ કહ્યું, ''તમારા મતે ભારતને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવી છે, કલમ ૩૭૦ (જેણે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપ્યો છે) દૂર કરી છે, એક આદિવાસી મહિલાને દેશની રાષ્ટ્રપતિ બનાવી છે ભારતમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર છે. તેમણે કહ્યું, ''તમારા જ સહકારથી અયોધ્યામાં ભગવાન રામના ભવ્ય મંદિરના નિર્માણ માટે ૫૦૦ વર્ષની રાહનો અંત આવ્યો.

### પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડ મામલો

# શિક્ષક ભરતી કૌભાંડ મામલે બંગાળ સરકારને SC ની ફટકાર

પ.બંગાળ, તા.૭

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડ મામલે સુપ્રીમ કોર્ટે મમતા સરકારને આકરી ઝાટકણી કાઢી છે. મંગળવારે અહીં સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે આ એક આયોજનબદ્ધ છેતરપિંડી જેવું છે. તેનાથી લોકોના વિશ્વાસને ઠેસ પહોંચી છે. પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. જેમાં ૨૪૦૦૦ શિક્ષકોની નિમણૂક રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની બેન્ચે આ ભરતી પ્રક્રિયાને આયોજનબદ્ધ છેતરપિંડી ગણાવી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ૨૫,૭૫૩ શિક્ષકો અને નોન-ટીચિંગ સ્ટાફની નિમણૂક સંબંધિત ડિજિટલ રેકોર્ડ જાળવવા અધિકારીઓની ફરજ છે. જાહેર નોકરીઓ ઘણી ઓછી છે. આવી સ્થિતિમાં જો લોકોની આસ્થા ડગમગી જશે તો કંઈ બચશે નહીં. આ એક સુનિયોજિત છેતરપિંડી જેવું છે. સીજેઆઈએ રાજ્ય સરકારના વકીલોને પ્રશ્નો પૂછ્યા અને કહ્યું કે આજે જાહેર નોકરીઓની સંખ્યા ઘણી ઓછી છે. તે સામાજિક ગતિશીલતા માટે જોવામાં આવે છે. જો નિમણૂક બદનામ થશે તો સિસ્ટમમાં શું બાકી રહેશે? આ રીતે લોકોનો વિશ્વાસ ઉઠી જશે. શું તમે આ સહન કરશો? આ મામલો કોઈપણ રીતે સંવેદનશીલ કે રાજકીય રીતે જટિલ ન હોવો જોઈએ. અમે માત્ર વકીલો છીએ. હાઈકોર્ટના જજો પર આરોપ લગાવવાથી કોઈ ફાયદો થશે નહીં.

આ સમગ્ર મામલો SSC દ્વારા શિક્ષકોની ભરતી સાથે સંબંધિત છે. જ્યારે SSCએ ૨૦૧૪માં આ ભરતીની સૂચના આપી ત્યારે પાર્થ ચેટર્જી શિક્ષણ મંત્રી હતા. ૨૦૧૬માં ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ઘણા અરજદારોએ ભરતી પ્રક્રિયામાં ગેરરીતિનો આક્ષેપ કર્યો હતો. આ સાથે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી. પાંચ વર્ષ સુધી ચાલેલી સુનાવણી બાદ હાઈકોર્ટે મે ૨૦૨૨માં સીબીઆઈને તપાસ સોંપી હતી. આ પછી EDએ મની લોન્ડરિંગ હેઠળ આની તપાસ કરી. જ્યારે કોઈ પુરાવા મળ્યા ન હતા, ત્યારે EDએ પાર્થ ચેટર્જી અને તેની નજીકની સહયોગી અર્પિતા મુખર્જીની ધરપકડ કરી હતી. અરજદારોનું કહેવું છે કે જે ઉમેદવારોના માર્ક્સ ઓછા હતા તેઓને મેરિટ લિસ્ટમાં વધુ દર્શાવવામાં આવ્યા હતા. કેટલાક ઉમેદવારોના નામ મેરિટ લિસ્ટમાં ન હોવા છતાં તેમને નોકરી આપવામાં આવી હોવાની ફરિયાદો કેટલાકે કરી હતી.અરજદારોનો આરોપ છે કે એવા ઉમેદવારોને નોકરી આપવામાં આવી હતી જેમણે_ET પરીક્ષા પાસ કરી ન હતી. રાજ્યમાં શિક્ષકની ભરતી માટે TET પરીક્ષા પાસ કરવી જરૂરી છે. ગયા મહિને જ કોલકાતા હાઈકોર્ટે આ અંગે નિર્ણય આપતાં આ ભરતી રદ કરી દીધી હતી. આ રીતે બંગાળના લગભગ ૨૬ હજાર શિક્ષકોએ તેમની નોકરી ગુમાવી છે. આ રીતે હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ શાળા સેવા આયોગને નવી ભરતી કરવાનો આદેશ આપ્યો હતો.

### રશિયામાં છ વર્ષ સુધી રાષ્ટ્રપતિ પદનો કાર્યકાળ સંભાળશે

# પુતિને રશિયાના પ્રમુખ તરીકે છઠ્ઠી વખત લીધા શપથ

### તેમની નીતિઓની ઘણા લોકો ટીકા કરી રહ્યા હોવાના અહેવાલો પણ સામે આવતા રહ્યા છે

રશિયા, તા.૭

વ્લાદિમિર પુતિને પાંચમી વખત રશિયાના પ્રમુખ તરીકે શપથ લીધા છે. તેઓ રશિયામાં છ વર્ષ સુધી રાષ્ટ્રપતિ પદનો કાર્યકાળ સંભાળશે.

જ્યારે પુતિને વર્ષ ૨૦૦૦માં પ્રથમ વખત પ્રમુખપદના શપથ લીધા હતા. ત્યારે તેમણે લોકશાહી લાવવાના, તેને જાળવી રાખવાના અને રશિયાની રક્ષા કરવાના શપથ લીધા હતા. જોકે ત્યારથી લઈને અત્યાર સુધીમાં ઘણું બદલાઈ ગયું છે. તેમની નીતિઓની ઘણા લોકો ટીકા કરી રહ્યા હોવાના અહેવાલો પણ સામે આવતા રહ્યા છે.

પુતિનના પ્રમુખ બન્યા બાદ રશિયામાં ઘણાં ફેરફાર થયા હોવાનો સરકાર દાવો કરી રહી છે. પુતિને લોકશાહીનો વિકાસ વધારવાના બદલે તેને ઘટાડવાનું શરૂ કરી દીધું છે. તેઓ ટીકાકારોને જેલમાં ધકેલી રહ્યા છે. સ્થિતિ એવી છે કે, પુતિનની સત્તા પર કોઈપણ પ્રકારનો અંકુશ હટાવવામાં આવી રહ્યો છે. સૌથી મહત્વની વાત એ છે કે, રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા બે વર્ષથી વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે, જેના કારણે રશિયાની આર્થિક સ્થિતિ પણ નબળી પડી છે. બંને દેશો વચ્ચે ૨૪ ફેબ્રુઆરી-૨૦૨૨ના રોજ યુદ્ધ શરૂ થયું હતું, જે હજુ સુધી ચાલી રહ્યું છે. રશિયાના યુક્રેન જોડે તો ઠીક, NATO જોડે પણ સંબંધો બગડેલા છે અને તે ઘણીવાર નાટોને ચેતવણી આપી ચુક્યા છે. તેમણે રશિયાના રાષ્ટ્રપતિ તરીકે છઠ્ઠી વખત શપથ લેતાની સાથે પણ નાટોને ચેતવણી આપી દીધી છે.

### અસામાજિક તત્વોએ કાર પર કર્યો પથ્થરમારો

# અરવલ્લી જિલ્લાના મેઘરજમાં ભાજપ નેતા પર જીવલેણ હુમલો થયો

### મળતી માહિતી મુજબ ઘટના સ્થળે પોલીસ હાજર હોવાના છતાં, હુમલો કરતા પોલીસ સામે પણ સવાલો ઉઠ્યા છે

મેઘરજ, તા.૭

લોકસભાની ચૂંટણીનું મતદાન તો ગુજરાતમાં પુરું થઈ ચૂક્યું છે, પરંતુ તેનો ગરમાવો હજું જોવા મળી રહ્યો છે. અરવલ્લી જિલ્લાના મેઘરજમાં ભાજપ નેતા પર જીવલેણ હુમલો થયો છે. પ્રદેશ નેતા હિમાંશું પટેલની કાર પર પથ્થરમારાની ઘટના પ્રકાશમાં આવતા ખળભળાટ

આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે મેઘરજ મામલતદાર કચેરી આગળ અસામાજિક તત્વો દ્વારા હુમલો કરાયો છે. જેમાં કારના કાચ તોડી હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની માહિતી મળતા જ મેઘરજ પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટનાની વિગતવાર વાત કરીએ તો અરવલ્લી સાબરકાંઠાના યુવા અને ભાજપ નેતા, હિમાંશુ પટેલ ઉપર આજે સાંજના સુમારે,મેઘરજ નગરની મામલતદાર કચેરી પાસે,પથ્થરો અને લાકડીયો લઈ આવેલા ટોળાએ એકાએક કાર ઉપર હુમલો કરી દીધો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. હુમલાની ઘટનામાં હિમાંશુ પટેલને ઈજાઓ પણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. હીચકારા હુમલાની ઘટનાને લઈ ભાજપના આગેવાનો ઘટના સ્થળે દોડી પહોંચ્યા હતા.

મળતી માહિતી મુજબ ઘટના સ્થળે પોલીસ હાજર હોવાના છતાં, હુમલો કરતા પોલીસ સામે પણ સવાલો ઉઠ્યા છે. સમગ્ર ઘટનાને લઈ હાલ તો મેઘરજ પોલીસ મથકે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાની ભોગ બનનાર યુવા નેતાએ તજવીજ હાથ ધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

### ચૂંટણી પંચ આ વખતે કોઈ બાધછોડ કરવા માંગતું નથી

# ગુજરાતમાં કોંગ્રેસે બોગસ વોટિંગ સહિત ગેરરીતિની ૧૭ ફરિયાદ નોંધાવી

### પોલિગ બૂથ પર ગેરરીતિ થતી હોય તો ફરિયાદો માટે ૨૦ વકીલોની ટીમનો કંટ્રોલરૂમ ધમધમી રહ્યો છે

અમદાવાદ, તા.૭

ગુજરાત કોંગ્રેસે રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં બોગસ વોટિંગ અને ગેરરીતિની ૧૭ ફરિયાદો ચૂંટણી પંચમાં કરી છે. જેમાં પીએમ મોદી અને અમિત શાહ સામે પણ ચૂંટણીપંચમાં રજૂઆત કરાઈ છે.

ગુજરાત સહિત દેશભરમાં આજે ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. ગુજરાતની પણ ૨૬માંથી ૨૫ બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યું છે. જો કે આ દરમ્યાન ગુજરાત કોંગ્રેસે રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં બોગસ વોટિંગ અને ગેરરીતિની ૧૭ ફરિયાદો ચૂંટણી પંચમાં કરી છે.

જેમાં પીએમ મોદી અને અમિત શાહ સામે પણ ચૂંટણીપંચમાં રજૂઆત કરાઈ છે. જી હા...ચૂંટણી પંચ આ વખતે કોઈ બાધછોડ કરવા માંગતું નથી.

કોઈ પોલિગ બૂથ પર ગેરરીતિ થતી હોય તો ફરિયાદો માટે ૨૦ વકીલોની ટીમનો કંટ્રોલરૂમ ધમધમી રહ્યો છે. શકિતસિંહ ગોહિલે જ્યારે વાસણ ગામના બુથમાં મતદાન કરવા ગયા ત્યારે ભાજપની નિશાનીવાળી પેન લઈને બેઠેલા ઉમેદવારના એજન્ટને લઈને વિરોધ દર્શાવ્યો હતો. જે વિડીયો સામે આવ્યો છે. જેમાં તેમણે ભાજપ ઉમેદવારના એજન્ટ પાસેથી પેન લીધા બાદ બુથમાં પ્રિ-સાઈડિંગ ઓફિસરને નિયમ મુજબ અમલ કેમ નથી કરવામાં આવતો તેવા સવાલ પણ કર્યો હતો.

ગોહિલે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ભાજપ મતદાન/બૂથ પ્રતિનિધિઓ બૂથની અંદર કમળના પ્રતિક અને ભાજપના નેતાના ફોટાવાળી પેન કેવી રીતે રાખી શકાય? તમારે તાત્કાલિક સંજ્ઞાન લેવું જોઈએ અને કડક પગલાં લેવા જોઈએ. પેન લઈને બેઠેલા એજન્ટો સામે પોલીસ કેસ કરવાની શક્તિસિંહ ગોહિલ દ્વારા માંગણી કરાઈ છે. આ અંગે તેમણે ચૂંટણી પંચમાં ફરિયાદ પણ કરી છે.

# વેરાવળના મતદાનનો વીડિયો વાયરલ કરનાર સામે ફરિયાદ

વેરાવળ, તા.૭

મતદાન એ ગુપ્તદાન છે અને મતદાન કરતા ફોટો કે વિડિઓ ઉતારવો એ ગુનો છે ત્યારે સોમનાથ વિધાનસભા મતવિસ્તારના મતદાન મથક નં ૭૭, વેરાવળ–૧૭, ઘી વાલા સ્કુલ, રૂમ નં. ૨ ડાભોર રોડ, વેરાવળના મતદાન મથક ઉપર અજાણ્યા શખ્સે મતદાન કરતી વખતે બેલેટ યુનિટ તથા વીવીપેટ યુનિટના મોબાઈલમાં વીડિયો બનાવીને વાઈરલ કર્યો હતો. આ વાયર[redacted] મથક નં ૭૭ ના પ્રીસાઈડીંગ ઓફિસર દ્વારા પોલીસ ઈન્સ્પેકટર, વેરાવળ સીટીને પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેકટર, વેરાવળ સીટી દ્વારા વીડિયો બનાવનાર ઈસમની તપાસ કરી તેને પકડી અને તેઓની સામે ફરિયાદ દાખલ કરી હતી. હાર્દિક ઝાલા નામના વીડિયો બનાવનાર શખ્સની અટકાયત કરી અને જાહેરનામા ભંગ બદલ કલમ ૧૮૮ અને ઈૅ એક્ટ કલમ ૧૨૮ મુજબ કાયદેસરની ધોરણસરની

### કોંગ્રેસે ભાજપને ગૂપચૂપ આપ્યો મોટો ઝટકો

# હરિયાણામાં ૩ જેટલા અપક્ષ ધારાસભ્યોએ નાયબ સિંહ સૈની સરકાર પાસેથી સમર્થન પાછું ખેંચ્યુ

### કોંગ્રેસ નેતા ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ હરિયાણામાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની અને જલદી વિધાનસભા ચૂંટણી યોજવાની માંગણી રજૂ કરી છે

હરિયાણા, તા.૭

લોકસભા ચૂંટણી વચ્ચે કોંગ્રેસે હરિયાણામાં ભાજપને ગૂપચૂપ રીતે મોટો ઝટકો આપી દીધો છે. હરિયાણામાં ૩ જેટલા અપક્ષ ધારાસભ્યોએ નાયબ સિંહ સૈની સરકાર પાસેથી સમર્થન પાછું ખેંચ્યુ છે. આ સાથે જ કોંગ્રેસને લોકસભા ચૂંટણી માટે ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે. ત્યારબાદ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ઉદયભાને કહ્યું કે હરિયાણાની સરકાર અલ્પમતમાં આવી ગઈ છે. કોંગ્રેસ નેતા ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ હરિયાણામાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની અને જલદી વિધાનસભા ચૂંટણી યોજવાની માંગણી રજૂ કરી છે. ૯૦ સીટોવાળી વિધાનસભામાં હાલ ભાજપની ૪૦, કોંગ્રસની ૩૦, જેજેપીની ૧૦, ઈનેલો તથા એચએલપીની એક-એક બેઠક છે. આ ઉપરાંત ૬ અપક્ષો વિધાનસભા સભ્ય છે. બહુમત માટે ૪૬નો આંકડો જોઈએ. જેજેપીના સમર્થન પાછું ખેંચ્યા બાદ ભાજપ ૬ અપક્ષો અને એક એચએલપી વિધાયકની મદદથી સરકાર બચાવવામાં સફળ થયો હતો. જે ૬ અપક્ષ વિધાયકોએ ટેકો આપ્યો હતો તેમાં નયનપાલ રાવત (પૃથલા વિધાયક), ધર્મપાલ ગોંદર (નીલોખેડી), રણધીર સિંહ ગોલન (પુંડરી), રાકેશ (બાદશાહપુર વિધાયક), સોમબીર સાંગવાન (ચરખીદાદરી), અને બલરાજ કૂંડુ (મહમ) સામેલ છે. રોહતકમાં મંગળવારે કોંગ્રેસ અધ્યક્ષ ઉદયભાન અને પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હુડ્ડા સામે ત્રણ અપક્ષ ધારાસભ્યોએ કોંગ્રેસને સમર્થન આપ્યું. આ ત્રણેય વિધાયક છે સોમબીર સાંગવાન, રણધીર સિંહ ગોલન અને ધર્મપાલ ગોંદર. અપક્ષ ધારાસભ્યોના કોંગ્રેસને સમર્થન બાદ પાર્ટી પ્રદેશ અધ્યક્ષ ઉદયભાને કહ્યું ભાજપ હવે અલ્પમતમાં છે. સીએમએ નૈતિકતાના ધોરણે રાજીનામું આપી દેવું જોઈએ. ત્રણેય વિધાયકોએ હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડા અને રાજ્ય કોંગ્રેસ પ્રમુખ ઉદય ભાનની હાજરીમાં રોહતકમાં આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં આ જાહેરાત કરી. અપક્ષ વિધાયકે ગોંડરે કહ્યું કે અમે સરકાર પાસેથી સમર્થન પાછું ખેંચી રહ્યા છીએ. અમે કોંગ્રેસને અમારું સમર્થન આપી રહ્યા છીએ. અમે ખેડૂતો સાથે જોડાયેલા મુદ્દા સહિત વિવિધ મુદ્દાઓ પર આ નિર્ણય લીધો છે.આ સમગ્ર મામલે હરિયાણાના સીએમ નાયબસિંહ સૈનીએ કહ્યું કે વિધાયકોની કેટલીક ઈચ્છાઓ હોય છે, કોંગ્રેસ આજકાલ ઈચ્છાઓ પૂરી કરવામાં લાગી છે. લોકો બધુ જાણે છે કે કોની શું ઈચ્છા છે. કોંગ્રેસને જનતાની ઈચ્છાઓ સાથે કોઈ લેવાદેવા નથી.

# જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ વિવિધ લેબ કાસ્ટીંગ કંટ્રોલ રૂમની મુલાકાત લઇ સમીક્ષા કરી





૧૪અમરેલી લોકસભા મતવિસ્તારની મતદાન પ્રક્રિયા અંતર્ગત અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અજય દહિયાએ લોકસભા મત વિસ્તારમાં સમાવિષ્ઠ વિવિધ વિધાનસભા વિભાગમાં કાર્યરત વેબ કાસ્ટીંગ કંટ્રોલ રૂમની મુલાકાત લીધી હતી. તેમણે કંટ્રોલ રૂમમાં વિવિધ વિગતો મેળવી અને જરૂરી સુચનાઓ આપી હતી. જિલ્લા કલેકટરે અમરેલી અને લાઠી ખાતેના મોડેલ મતદાન મથક, સખી મતદાન મથક અને યુવા મતદાન મથકની મુલકાત લીધી હતી.

### એક્ટ્રેસે એક વીડિયો શેર કર્યો

## ધડામ-ધડામ કરીને કાજોલ પડી અનેક વાર

**બોલિવૂડ એક્ટ્રેસ કાજોલ વર્ષોથી ફિલ્મી પડદા પર એની એક્ટિંગથી લોકોને ખુશ કરી દેતી હોય છે**

મુંબઈ, તા.૭

બોલિવૂડ એક્ટ્રેસ કાજોલ વર્ષોથી ફિલ્મી પડદા પર એની એક્ટિંગથી લોકોને ખુશ કરી દેતી હોય છે. દમદાર એક્ટિંગથી લોકોને હંમેશા ખુશ કરી દેતી એક્ટ્રેસ કાજોલ આજે લાખો લોકોના દિલમાં રાજ કરે છે. કાજોલ એની આગવી સ્ટાઈલને કારણે જાણીતી છે. સોશિયલ મિડીયામાં કાજોલ અનેક વાર પોતાના અનુભવ શેર કરતી રહેતી હોય છે. આ વિશે જરા પણ મનમાં ખચવાટ અનુભવતી નથી. જો કે આ વખતે પણ કંઈક એવું જ કર્યુ છે. લાફટર્સ ડે પર ઈન્સ્ટાગ્રામ પર એક એવો વીડિયો શેર કર્યોછે જે જોયા પછી તમે તમારું હસવાનું નહીં રોકી શો. એક્ટ્રેસ એક વીડિયો શેર કર્યો છે જે અનેક વીડિયો ક્લિપ જોડીને બનાવવામાં આવ્યો છે. આ વીડિયોમાં કાજોલ એક પછી એક એમ ધડામ કરતી પડતી જોવા મળે. છે. આ ક્લિપમાં ઉભા-ઉભા, ચાલતા-ચાલતા તેમજ સાયરલ ચલાવતા પડતી દેખાય છે. આ પોસ્ટ કરતા કાજોલે કેપ્શનમાં લખ્યુ છે કે, મારી બધી તસવીરો જોયા પછી મને એવું લાગ્યુ કે કેમરાની સામે મારો વ્યવહાર આશ્ચર્યજનક રૂપથી સારો છે. તો આવો અને ચિલ કરો અને વીડિયો બીજી વાર જુઓ, જેને બીજા અનેક લોકોને હસાવ્યા છે.આ વીડિયોની પહેલી ક્લિપમાં એક્ટ્રેસ દુર્ગા પૂજા પંડાલમાં પડતી જોવા મળે છે. બીજી વીડિયો ક્લિપમાં સિક્યુરિટીની વચ્ચે ચાલતા-ચાલતા પડતી જોવા મળે છે. આ સાથે ત્રીજી વિડીયો ક્લિપમાં દિલવાલેના પ્રમોશનનો છે, જયારે એક્ટ્રેસ વરુણ ધવનના ખોળામાં પડી જાય છે. આમ, લાસ્ટ ક્લિપમાં કુછ કુછ હોતા હૈ ફિલ્મની છે, આમાં શાહરુખ ખાનની સાથે સાયકલ ચલાવતી પડતી જોવા મળે છે. આ વીડિયો જોઈને લોકો ખડખડાટ હસી રહ્યા છે.આમ, તમને જણાવી દઈએ કે છેલ્લે કાજોલ લસ્ટ સ્ટોરીઝ ૨માં દેવયાનીના રૂપમાં જોવા મળી હતી. આ પહેલાં વેબ સિરીઝ ધ ટ્રાયલમાં નોયોનિકા સેન ગુપ્તાના રૂપમાં જોવા મળી હતી. આ રોલને લોકોએ ખૂબ પસંદ કર્યો હતો. વેબ સિરીઝ ધ ટ્રાયલથી કાજોલે ઓટીટી પ્લેટફોર્મ પર ડેબ્યુ કર્યુ હતુ. હવે એક્ટ્રેસ બીજા અનેક પ્રોજેક્ટ્સમાં આવવા માટે તૈયાર છે.

### રાખીએ ફેનને ધક્કો માર્યો

## રાખી સાવંતે રોડ વચ્ચે કરી આવી હરકત જેને જોઈ ફેન્સ ભડક્યા

મુંબઈ, તા.૭

બિગ બોસ ફેમ રાખી સાંવત હંમેશા એની પર્સનલ લાઈફને ચર્ચામાં રહેતી હોય છે. ક્યારેક લગ્નની વાતોને લઈને તો ક્યારેક પ્રોફેશનલ લાઈફને ચર્ચામાં રહે છે. બોલિવૂડની ડ્રામા ક્વિન રાખી એની અજીબો ફેશનથી લોકોના ધબકારા વધારી દેતી હોય છે. આમ, વાત કરવામાં આવે તો સોશિયલ મિડીયામાં કોઈને કોઈ રીતે હંમેશા ચર્ચા માટેનો મુદ્દો બનતી હોય છે. એક્સ પતિ આદિલ દુર્રાની સાથે ચાલી રહેલા વિવાદોની વચ્ચે એક્ટ્રેસનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોમાં એક ફેનની સાથે ગેરવર્તન કરતી જોવા મળી.રાખી સાંવતે મુંબઈના રસ્તાઓ વચ્ચે એક ફીમેલ ફેનની સાથે ગેરવર્તન કર્યું. વાયરલ વીડિયોમાં એક્ટ્રેસની આ હરકત જોઈને લોકો સોશિયલ મિડીયામાં ટ્રોલ કરી રહ્યા છે. થયુ કંઈક એવું કે રાખી એની નવી કારની પાસે ઊભી હતી અને ત્યાં એક ગર્લ ફેન રાખીની પાસે ફોટો ક્લિક કરાવવા માટે આવતી હતી. આ સમયે રાખી સાંવત પર ગુસ્સે થઈ જાય છે અને સમજ્યા વગર ખરી-ખોટી સંભળાવી દે છે.વાયરલ થઈ રહેલા વીડિયોમાં તમે જોઈ શકો છો કે રાખી સાવંત સાથે ફોટો ક્લિક કરાવવા માટે આવતી ફેનનો હાથ પકડીને ગુસ્સો કરીને સાઈડમાં કરી દે છે. આ જોઈને લોકો હેરાન થઈ જાય છે. વીડિયોમાં જોઈ શકો છો કે આટલું થયા પછી પણ છોકરી રાખી સાવંતને ઉભા રહેવા માટે કહે છે. આ જોઈને લોકો હેરાન થઈ જાય છે.વીડિયોમાં તમે જોઈ શકો છો કે આટલું થયા પછી પણ છોકરી રાખી સાવંતને ઊભા રહેવા માટે કહે છે અને સાથે આવું ના કરો એમ કહે છે. આ સાંભળતા રાખી સાવંત ગુસ્સે થઈ જાય છે. ત્યારબાદ રાખી કહે છે કે તું કેવી રીતે આવી શકે મેડમ? તુ જોઈ રહી છેને કે હું જવું છું. સારું, ચલ તને ફોટો જોઈએ છે તો તું અહીંયા આવ.

### કંગના રનૌતની મોટી જાહેરાત

## ચૂંટણી જીતીશ તો બોલીવૂડ છોડી દઈશ! : કંગના રનૌત

**કંગનાએ સંકેત આપ્યો કે જો તે લોકસભાની ચૂંટણી જીતશે તો તે ધીરે ધીરે શોબિઝની દુનિયા છોડી શકે છે**

મુંબઈ, તા.૭

બોલિવૂડની ક્વીન કંગના રનૌત આ વખતે લોકસભા ચૂંટણીમાં ભાજપની ઉમેદવાર છે. તેમને હિમાચલ પ્રદેશના મંડીથી ટિકિટ મળી છે. મંડીની દીકરી કંગના જોરશોરથી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. તેમને આશા છે કે તેઓ આ ચૂંટણી જીતશે. કંગનાએ આજતક સાથેની ખાસ વાતચીતમાં ફિલ્મો, લોકસભા ચૂંટણી અને રાજકારણ વિશે વાત કરી. અહીં કંગનાએ પોતાના ફિલ્મી કરિયરને લઈને એક મોટી જાહેરાત કરી છે. જાણો શું. કંગનાએ સંકેત આપ્યો કે જો તે લોકસભાની ચૂંટણી જીતશે તો તે ધીરે ધીરે શોબિઝની દુનિયા છોડી શકે છે. કારણ કે તે માત્ર એક જ કામ પર ધ્યાન આપવા માંગે છે. કંગનાને પૂછવામાં આવ્યું - તે ફિલ્મો અને રાજનીતિ કેવી રીતે મેનેજ કરી શકશે? આ અંગે અભિનેત્રીએ કહ્યું કે, 'હું ફિલ્મોમાં અભિનય પણ કરું છું, રોલ પણ કરું છું અને દિગ્દર્શન પણ કરું છું. જો મને રાજકારણમાં એવી શક્યતા દેખાઈ કે લોકો મારી સાથે જોડાઈ રહ્યા છે, તો જ હું રાજનીતિ કરીશ. આદર્શ રીતે હું માત્ર એક જ વસ્તુ કરવા માંગુ છું. ''જો મને લાગે છે કે લોકોને મારી જરૂર છે તો હું તે દિશામાં જઈશ. જો હું મંડીથી જીતીશ તો જ રાજનીતિ કરીશ. ઘણા ફિલ્મમેકર્સ મને કહે છે કે રાજકારણમાં ન જાવ. તમારે લોકોની અપેક્ષાઓ પ્રમાણે જીવવું જોઈએ. મારી અંગત મહત્વાકાંક્ષાઓને કારણે લોકો મુસાફરી કરે છે તે સારું નથી. હું એક વિશેષાધિકૃત જીવન જીવી રહ્યો છું, જો હવે મને લોકો અભિનેત્રીને પૂછવામાં આવ્યું કે રાજનીતિનું જીવન ફિલ્મો કરતા સાવ અલગ છે. શું આ બધું તેમને આનંદદાયક છે? જવાબમાં કંગનાએ કહ્યું- આ ફિલ્મોની ખોટી દુનિયા છે. તે અલગ વાતાવરણ સર્જાય છે. લોકોને આકર્ષવા માટે બબલ બનાવવામાં આવે છે. પણ રાજકારણ એ વાસ્તવિકતા છે. મારે લોકોની અપેક્ષાઓ પ્રમાણે જીવવું છે, હું લોકસેવામાં નવો છું, ઘણું શીખવાનું છે. કંગના રનૌતે પરિવારવાદ પર કહ્યું- તે સ્વાભાવિક છે. મને લાગે છે કે ક્યાંક આપણે પરિવારવાદને ફિલ્મો અને રાજકારણ પૂરતો સીમિત રાખ્યો છે. નેપોટિઝમ એ દરેકની સમસ્યા છે અને હોવી જોઈએ. દુનિયામાં આનો કોઈ અંત નથી. તમારે સ્નેહમાંથી બહાર આવવું પડશે. જ્યાં સુધી આપણે આપણી જાતને વિસ્તારીએ છીએ, તે કુટુંબ છે. આજે તેઓ મને મંડીની દીકરી કહે છે. આ મારો પરિવાર છે. સ્નેહમાં નિર્બળ ન હોવું જોઈએ.

### 'તારક મહેતાનો સોઢી' હજી સુધી મળી આવ્યો નથી

## રાહ જોઈને વ્યથિત વૃદ્ધ પિતાએ કહ્યું : અમે ખૂબ ચિંતિત છીએ

**'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના એક્ટર ગુરચરણ સિંહ ૨૨ એપ્રિલથી ગાયબ છે, પોલીસ તેને શોધવાના તમામ પ્રયાસો કરી રહી છે**

મુંબઈ, તા.૭

લોકપ્રિય ટીવી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં શ્રી સોઢીની ભૂમિકા ભજવનાર અભિનેતા ગુરચરણ સિંહ છેલ્લા ઘણા દિવસોથી ગાયબ છે. પોલીસ તેને શોધવાના તમામ પ્રયાસો કરી રહી છે, પરંતુ હજુ સુધી અભિનેતા વિશે કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. ગુરુચરણના અચાનક ગુમ થવાથી પરિવાર ખૂબ જ દુઃખી છે. અભિનેતાના પરિવારના સભ્યો તેના સુરક્ષિત ઘરે પરત ફરવા માટે પ્રાર્થના કરી રહ્યા છે. અભિનેતાના પિતાએ હવે ફરી એકવાર તેમના પુત્ર વિશે ચિંતા વ્યક્ત કરી છે. ગુરુચરણના પિતા હરગીત સિંહે વાત કરતા પહેલા પોતાના પુત્ર સાથે વિતાવેલો છેલ્લો દિવસ યાદ કર્યો, તેમણે કહ્યું કે ગુરુચરણે તેમનો જન્મદિવસ દિલ્હીમાં ઉજવ્યો હતો. તેણે પોતાના પુત્ર સાથે ઘરે સમય વિતાવ્યો. ગુરુચરણે તેના માટે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ પણ શેર કરી હતી. અભિનેતાના પિતાએ કહ્યું- કોઈ ખાસ ઉજવણી નહોતી. પણ અમે બધા ઘરમાં સાથે હતા એટલે બહુ સારું લાગ્યું. તે બીજા દિવસે મુંબઈ જવાનો હતો. જે પણ થયું છે તે ખૂબ જ આઘાતજનક છે. આનો સામનો કેવી રીતે કરવો તે અમને સમજાતું નથી. અમે બધા ખૂબ જ ચિંતિત છીએ. ગુરુચરણ સિંહ ૨૨ એપ્રિલે દિલ્હીથી મુંબઈ જવા નીકળ્યા હતા. પરંતુ ત્યારપછી તેના વિશે કંઈ જાણવા મળ્યું ન હતું. તેઓ ન તો દિલ્હી એરપોર્ટ પહોંચ્યા અને ન તો મુંબઈ. જ્યારે તેનો પુત્ર મળ્યો ન હતો, ત્યારે અભિનેતાના પિતાએ ૨૫ એપ્રિલે પોલીસમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. હાલમાં જ તપાસ દરમિયાન પોલીસને સીસીટીવી ફૂટેજ પણ મળ્યા હતા. અભિનેતા પાલમ સહિત દિલ્હીના ઘણા વિસ્તારોમાં સીસીટીવીમાં તેની પીઠ પર બેગ લઈને ચાલતો જોવા મળ્યો હતો. ગુરુચરણે દિલ્હીના એટીએમમાંથી લગભગ ૭ હજાર રૂપિયા પણ ઉપાડી લીધા હતા. અભિનેતાનો ફોન પણ ૨૪મી એપ્રિલ સુધી કામ કરતો હતો, પરંતુ પછી તે સ્વીચ ઓફ કહેવા લાગ્યો. પોલીસ તપાસ દરમિયાન, એવું પણ અનુમાન કરવામાં આવ્યું હતું કે અભિનેતાએ જ તેના ગુમ થવાનું કાવતરું ઘડ્યું હતું. જો કે, ગુરુ ચરણને લઈને હજુ સુધી કોઈ નક્કર પુરાવા કે માહિતી સામે આવી નથી. અભિનેતાનો પરિવાર અને તેના ચાહકો અભિનેતાના ઘરે પરત ફરવાની રાહ જોઈ રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરા ખાતે શાંતિપુર્ણ રીતે

વગર મતદાન માટે દોડી ગયા હતા જયારે તંત્ર દ્વારા લોકો ને પીવાના પાણી ની વ્યવસ્થા કરવામાં આવી હતી આ મતદાન પર્વ માં ૯૪ ધારી માં કુલ મતદારો ની સંખ્યા ૨૨૨૫૮૧ છે જયારે ૯૪ ધારી માં હાલમાં ૯૧૩૨૯ સાંજે ૫ કલાક સુધી નું મતદારો એ મતદાન કરેલ હતુ એટલે ૯૪ બગસરા ધારીમાં ૪૬.૮ટકા મતદાન થયેલ હતું જયારે અમરેલી જિલ્લાના તમામ તાલુકા માં ટોટલ મતદારો ની સંખ્યા ૧૭૩૨૮૧૦ છે જયારે મતદાન ૭૮૯૮૮૯ એટલે કુલ મતદાન ૫૦.૭ ટકા સાંજે ૬–કલાક સુધી નું થયેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## જંગલમાં આવેલ બાણગંગા

પહાડો હોય કે કચ્છનું રણ કે પછી ગીર જંગલ ચૂંટણી પંચ કોઈપણ સ્થળે મતદાન મથક ઉભું કરે છે. ગીર–સોમનાથ જિલ્લાના ગીરમધ્યે આવેલ જામવાળા ગીરથી ૨૫ કિમી દૂર ધનઘોર જંગલમાં બાણેજ આવેલું છે. અને બાણગંગા તીર્થધામ તરીકે ઓળખ છે. અહીંના મહંત હરીદાસબાપુ એક માત્ર મતદાર છે. અને તેમની પહેલા તેઓના ગુરૂ ભરતદાસબાપુ અહીંના એક માત્ર મતદાર હતા. તેઓના સ્વર્ગવાસ બાદ હરીદાસબાપુ ભરતદાસબાપુના સીધા વારસદારને લઈ બુથના એક માત્ર મતદાતા બન્યા છે. દર વખતે યોજાતી ચુંટણીમાં ચૂંટણી પંચ હરીદાસબાપુના મત માટે ૮ નોડલ ઓફિસર અને સુરક્ષા કર્મીઓથી સજ્જ મતદાન મથક ઉભુ કરે છે. જે લોકશાહી પર્વમાં એક મતની શું કીમત હોય એ દર્શાવે છે.

ગીરના બાણેજમાં સિંહ દીપડા સહિતના પ્રાણીઓ સાથે પણ રૂબરૂ થવું પડે છે. ચૂંટણી પંચ એક મત માટે આખું પોલિંગ બુથ ઉભું કરે છે. એ નવાઈની વાત છે. ચૂંટણી પંચ કહે છે કે દરેક મતદાતાનો મત ગુપ્ત રહે છે પરંતુ બાણેજ બુથ ચૂંટણી પંચના દાવાને ખોટો સાબિત કરે છે. જી હા મતદાન માટે બનાવેલી મત કુટિરમાં જયારે અહીંના નાગરીક અને મહંત મતદાન કરે છે ત્યારે તો તે મત ગુપ્ત રહે છે. પરંતુ મત ગણતરી સમયે બાણેજ ઈવીએમ ખુલે એટલે બાપુનો મત ખુલ્લો થઈ જાય છે.

### 'ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ'માં પણ બતાવી ચૂક્યા છે શાનદાર અભિનય

## 'ટાઈટેનિક' એક્ટર બર્નાર્ડ હિલનું ૭૯ વર્ષની વયે નિધન

**બર્નાર્ડે ૧૯૯૭માં કેટ વિન્સલેટ અને લિયોનાર્ડો ડી કેપ્રિયોની ઓસ્કાર વિજેતા ફિલ્મ 'ટાઈટેનિક'માં કેપ્ટન એડવર્ડ સ્મિથની ભૂમિકા ભજવી હતી**

મુંબઈ, તા.૭

હોલીવુડના મહાન કલાકારોમાં ગણના પામેલા બર્નાર્ડ હિલનું ૭૯ વર્ષની વયે અવસાન થયું છે. તેમણે ૧૯૯૭માં રિલીઝ થયેલી 'ટાઈટેનિક' અને 'ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ' ટ્રાયોલોજીમાં મહત્વની ભૂમિકાઓ ભજવી હતી. પ્રખ્યાત સ્કોટિશ ગાયક અને સંગીતકાર બાર્બરા ડિકસને તેના એક્સ એકાઉન્ટ પર પોસ્ટ કરીને આ માહિતી આપી છે.તેના એક્સ-પોસ્ટ પર આ દુઃખદ સમાચાર શેર કરતા, બાર્બરા ડિકસને લખ્યું, ''બર્નાર્ડ હિલના મૃત્યુ વિશે મને ખૂબ જ દુઃખ સાથે લખવું પડી રહ્યું છે. અમે જહોન પોલ જ્યોર્જ રિંગો અને બર્ટ, વિલી રસેલના માર્વેલસ શોમાં ૧૯૭૪ અને ૭૫માં સાથે કામ કર્યું હતું. ખરેખર તે એક અદ્ભુત અભિનેતા હતા. તેમને મળવું એ એક લહાવો હતો. આ દુઃખદ સમાચાર બાદ ચાહકો તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. ઘણા યૂઝર્સ તેમની અભિનય કુશળતાના વખાણ કરી રહ્યા છે, જ્યારે ઘણા લોકો તેમની અભિનયની ઝીણવટ વિશે લખી રહ્યા છે. બર્નાર્ડે ૧૯૯૭માં કેટ વિન્સલેટ અને લિયોનાર્ડો ડી કેપ્રિયોની ઓસ્કાર વિજેતા ફિલ્મ 'ટાઈટેનિક'માં કેપ્ટન એડવર્ડ સ્મિથની ભૂમિકા ભજવી હતી. આ રોલ માટે આજે પણ તેના વખાણ થાય છે. તમને જણાવી દઈએ કે જો તમે 'ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ' જોયું હશે તો તમને કિંગ થિયોડેનનું પાત્ર ચોક્કસથી યાદ હશે. આ ફિલ્મની ટ્રાયોલોજીમાં બર્નાર્ડ હિલે પણ આ ભૂમિકા ભજવી હતી.

# બાબરાની કમળશી હાઈસ્કૂલમાં મતદાન માટે મતદાતાઓમાં ઉત્સાહ જોવા મળ્યો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા ખાતે આવેલ કમળશી હાઈસ્કૂલ સહિતનાં મતદાન મથકો ઉપર લોકસભાની ચૂંટણીને લઈને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો અને દિવ્યાંગ, વૃધ્ધ સહિત તમામ વર્ગનાં મતદારો ઉત્સાહભેર મતદાન મથકે પહોંચ્યા હતા અને મતદાન કર્યુ હતું.

# લાઠી ખાતે યુવા અને મહિલા અધિકારી, કર્મચારીઓ સંચાલિત મતદાન મથકોમાં અનેરો ઉત્સાહ



લાઠી સંઘવી હાઈસ્કૂલ ખાતે યુવા અને મહિલા અધિકારી–કર્મચારીઓ સંચાલિત મતદાન મથકો નાગરિકોમાં મતદાન માટે અનેરો ઉત્સાહ લોકસભા મતવિસ્તારમાં મતદાન પ્રક્રિયા અંતર્ગત ચૂંટણી પંચ દ્વારા વિવિધ પ્રકારના મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા હતા. આ પૈકી ૯૬– લાઠી વિધાસભા મતવિસ્તારના લાઠી સ્થિત મતદાન કેન્દ્ર–૧૬૭ સંઘવી હાઈસ્કૂલ ખાતે ચૂંટણી પંચના નિર્દેશો મુજબ આદર્શ–યુવા સંચાલિત અને મહિલા સ્ટાફ સંચાલિત મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા હતા. આદર્શ મતદાન મથકોમાં ભાતીગળ સંસ્કૃતિની ઝલક જોવા મળી જયારે યુવા મતદાન મથકોમાં ચૂંટણી ફરજ પરના તમામ અધિકારી–કર્મચારીઓ યુવા હતા. મહિલા સ્ટાફ સંચાલિત મતદાન મથકો – પીંક પોલિંગ સ્ટેશનન પર મતદાન પ્રક્રિયા–ચૂંટણી ફરજ પરના તમામ અધિકારી–કર્મચારીઓ મહિલા હતા. આ કેન્દ્રો પરની આકર્ષક સજાવટ અને સુવિધાઓથી મતદારો પણ વિશેષ રીતે પ્રભાવિત થયા હતા. લાઠી નગરના મતદારોને આકર્ષે છે. આ પ્રકારના આકર્ષણ સાથે મતદારોને મતદાન માટે વિશેષ ભાવ જન્મે છે.

### ટેકઓફ પહેલા અવકાશયાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ

## સુનીતા વિલિયમ્સના ત્રીજા અવકાશ મિશનનું પ્રક્ષેપણ મોકૂફ

### અમેરિક્ન સ્પેસ એજન્સી નાસા અનુસાર, આ સ્પેસક્રાફ્ટ ભારતીય સમય અનુસાર સવારે ૮:૦૪ વાગ્યે લોન્ચ થવાનું હતું : તે કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ થવાનું હતું

નવી દિલ્હી, તા.૭

ભારતીય મૂળની અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ આજે ત્રીજી વખત અવકાશમાં જવા માટે તૈયાર હતી, પરંતુ બોઈંગ સ્ટારલાઈનર અવકાશયાનમાં ટેકનિકલ સમસ્યાઓના કારણે તે ઉડાન થોડા સમય પહેલા જ મોકૂફ રાખવામાં આવી હતી.નાસાએ કહ્યું કે રોકેટના વાલ્વમાં સમસ્યાના કારણે આ પ્રક્ષેપણ રોકવું પડ્યું. અવકાશયાનના ફરીથી પ્રક્ષેપણ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.સુનિતા વિલિયમ્સ બોઈંગ સ્ટારલાઈનર અવકાશયાનમાં ઉડાન ભરવાની હતી. બુચ વિલ્મોર નામના અન્ય અવકાશયાત્રી તેમની સાથે આ મિશન પર જવાના હતા. અમેરિકન સ્પેસ એજન્સી નાસા અનુસાર, આ સ્પેસક્રાફ્ટ ભારતીય સમય અનુસાર સવારે ૮:૦૪ વાગ્યે લોન્ચ થવાનું હતું. તે કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ થવાનું હતું.બોઈંગ સ્ટારલાઈનર દ્વારા અવકાશયાત્રીઓને પ્રથમ વખત અવકાશમાં લઈ જવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અગાઉ, **Boe-OFT, 2019** માં અને **Boe-OFT2 2022** માં લોન્ચ કરવામાં આવી હતી.સુનિતા વિલિયમ્સ આ પહેલા પણ બે વખત અવકાશની યાત્રા કરી ચૂકી છે. આ પહેલા તે ૨૦૦૬ અને ૨૦૧૨માં અંતરિક્ષમાં જઈ ચૂકી છે. નાસાના જણાવ્યા અનુસાર તેણે કુલ ૩૨૨ દિવસ અંતરિક્ષમાં વિતાવ્યા છે. ૨૦૦૬માં સુનીતાએ ૧૯૫ દિવસ અંતરિક્ષમાં અને ૨૦૧૨માં ૧૨૭ દિવસ વિતાવ્યા હતા.૨૦૧૨ના મિશનની ખાસ વાત એ હતી કે સુનીતાએ ત્રણ વખત સ્પેસ વોક કર્યું હતું. અવકાશયાત્રીઓ સ્પેસ વોક દરમિયાન સ્પેસ સ્ટેશનની બહાર આવે છે. જોકે, પ્રથમ સફર દરમિયાન તેણે ચાર વખત સ્પેસ વોક કર્યું હતું. સુનિતા વિલિયમ્સ અવકાશમાં પ્રવાસ કરનાર ભારતીય મૂળની બીજી મહિલા છે. તેમના પહેલા કલ્પના ચાવલા અવકાશમાં ગઈ હતી.સુનિતા વિલિયમ્સ ૧૯૮૭માં યુએસ નેવલ એકેડમીમાંથી સ્નાતક થયા બાદ નાસા પહોંચી હતી. ૧૯૯૮ માં, તેઓ નાસામાં અવકાશયાત્રી તરીકે પસંદ થયા. તેમના પિતા દીપક પંડ્યા ૧૯૫૮માં અમદાવાદથી અમેરિકામાં સ્થાયી થયા હતા. સુનીતાનો જન્મ ૧૯૬૫માં થયો હતો. યુએસ નેવલ એકેડમીની ગ્રેજ્યુએટ સુનિતા વિલિયમ્સે પણ ફાઈટર પ્લેન ઉડાવ્યા છે. તેમની પાસે ૩૦ પ્રકારના ફાઈટર એરક્રાફ્ટ પર ત્રણ હજાર કલાકથી વધુ ઉડ્ડયનનો અનુભવ છે.તેણે એક વખત સ્પેસ ટ્રાવેલનો પોતાનો અનુભવ પણ શેર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે પાણી અવકાશમાં ટકી શકતું નથી. પરપોટાની જેમ અહીં અને ત્યાં ઉડે છે. હાથ અને ચહેરો ધોવા માટે તેઓ તરતા પરપોટા પકડતા અને કપડા ભીના કરતા. ત્યાંનો ખોરાક પણ વિચિત્ર રીતે ખાવો પડતો હતો. બધા અવકાશયાત્રીઓ ડાઈનિંગ રૂમમાં જતા અને ઉડતા પેકેટો પકડતા. જગ્યાને કાંસકો કરવાની જરૂર નહોતી, કારણ કે વાળ હંમેશા ત્યાં જ ઊભા રહે છે.

## ધારી–બગસરા વિધાનસભા મતદાર વિભાગમાં સૌથી ઓછુ મતદાન ૪૬.૦૮ ટકા નોંધાયું

અમરેલી, તા. ૭

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત ૧૪–અમરેલી લોકસભા મતવિસ્તારમાં સવારે ૭વાગ્યા થીસાંજે ૬ વાગ્યાસુધીમાં સરેરાશઅંદાજે ૫૦.૦૭ ટકા મતદાન નોંધાયું હતુ. ૯૪–ધારી વિધાનસભા મતદાર વિભાગમાં ૧,૧૫,૮૪૦પુઢષમતદારો, ૧,૦૬,૭૩૫ મહિલા મતદારો, અન્ય જાતિના૦૬મતદારોસહિત ૨,૨૨,૫૮૧ મતદારોનોંધાયાછે.આ પૈકી ૫૮,૫૫૦ પુઢષ (૫૦.૫૪ ટકા) ૪૪,૦૦૩ મહિલા (૪૧.૨૩ ટકા) અને અન્ય જાતિના ૦૨ (૩૩.૩૩ ટકા) મતદારો સહિત ૧,૦૨,૫૫૫ (૪૬.૦૮ ટકા) મતદારોએ મતદાન કર્યુ હતું. ૯૫–અમરેલી, વડીયા, કુંકાવાવવિધાનસભા મતદારવિભાગમાં ૧,૪૫,૦૮૫ પુઢષ મતદારો, ૧,૩૬,૭૮૧ મહિલા મતદારો, અન્ય જાતિના ૦૩ મતદારો સહિત૨,૮૧,૮૬૯મતદારોનોંધાયાછે. આપૈકી૭૭,૨૨૯પુઢષ (૫૩.૨૩ટકા), ૬૧,૦૦૧ મહિલા (૪૪.૬૦ ટકા) સહિત ૧,૩૮,૨૩૦ (૪૯.૦૪ ટકા) મતદારોએ મતદાન કર્યુ હતું. ૯૬–લાઠી–બાબરા વિધાનસભા મતદાર વિભાગમાં ૧,૧૭,૨૪૭ પુઢષ મતદારો, ૧,૦૮,૯૪૮ મહિલા મતદારો, અન્ય જાતિના ૦૧ મતદાર સહિત૨,૨૬,૧૯૬ મતદારોનોંધાયાછે. આ પૈકી ૬૨, ૩૪૫ પુઢષ (૫૩.૧૭ ટકા), ૪૯, ૬૨૧ મહિલા (૪૫.૫૫ ટકા), ૦૧ અન્ય મતદાર (૧૦૦ ટકા) સહિત ૧,૧૧,૯૬૭ (૪૯.૫૦ ટકા) મતદારોએ મતદાન કર્યુ હતું. ૯૭–સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મતદાર વિભાગમાં ૧,૩૧,૬૬૨ પુઢષ મતદારો, ૧,૨૧,૩૭૭ મહિલા મતદારો અને અન્ય જાતિના ૧૬ મતદારો સહિત ૨,૫૩,૦૫૫ મતદારો નોંધાયા છે. આ પૈકી ૬૬,૯૯૨ પુઢષ (૫૦.૮૮ ટકા) ૫૧,૮૦૮ મહિલા (૪૨.૬૮ ટકા) અને અન્ય જાતિના ૦૭ (૪૩.૭૫ ટકા) મતદારોસહિત૧,૧૮,૮૦૭(૪૬.૯૫ ટકા) મતદારોએ મતદાન કર્યુ હતું. ૯૮–રાજુલા–જાફરાબાદ વિધાનસભા મતદાર વિભાગમાં ૧,૪૨,૭૨૮ પુઢષ મતદારો, ૧,૩૩,૭૮૯ મહિલા મતદારો અને અન્ય જાતિના ૦૦ મતદારો સહિત ૨,૭૬,૫૧૭ મતદારો નોંધાયા છે. આ પૈકી ૭૯,૭૪૯ પુઢષ (૫૫.૮૭ટકા), ૬૫, ૬૫૫ મહિલા (૪૯.૦૭ ટકા) સહિત ૧,૪૫,૪૦૪ (૫૨.૫૮ ટકા) મતદારોએમતદાન કર્યુહતું.૯૯–મહુવા વિધાનસભા મતદાર વિભાગમાં ૧,૨૬,૦૨૧ પુઢષ મતદારો, ૧,૧૯,૮૨૧ મહિલા મતદારો, અન્ય ૦૦ મતદારો સહિત ૨,૪૫,૮૪૨ મતદારોનોંધાયાછે. આપૈકી ૭૮,૨૧૦ (૬૨.૦૬ ટકા) પુરૂષ, ૬૪,૯૧૬ (૫૪.૧૮ટકા) મહિલા સહિત ૧,૪૩, ૧૨૬ (૫૮.૨૨ટકા) મતદારોએમતદાન કર્યુ હતું.૧૦૧–ગારિયાધાર વિધાનસભા મતદાર વિભાગમાં ૧,૧૭,૦૮૩ પુઢષ મતદારો, ૧,૦૯,૬૬૭ મહિલા મતદારો અને અન્ય૦૦મતદારોસહિત૨,૨૬,૭૫૦ મતદારો નોંધાયાછે. આપૈકી૫૯,૪૧૨ પુઢષ (૪૩.૮૯ ટકા), ૪૮,૧૩૦ (૪૩.૮૯ ટકા) મહિલા સહિત ૧,૦૭,૫૪૨ (૪૭.૪૩ ટકા) મતદારોએ મતદાન કર્યુ હતું. ૧૪–અમરેલી લોકસભા મતવિસ્તારમાં અંદાજે મતદાન, ૯૪–ધારી–બગસરા વિધાનસભા મતદાર વિભાગમાં ૪૬.૦૮ ટકા, ૯૫–અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા મતદાર વિભાગમાં ૪૯.૦૪ ટકા, ૯૬–લાઠી –બાબરા વિધાનસભા મતદાર વિભાગમાં ૪૯.૫૦ટકા, ૯૭– સાવરકુંડલા –લીલીયા વિધાનસભા મતદાર વિભાગમાં૪૬.૯૫ટકા,૯૮–રાજુલા–જાફરાબાદા વિધાનસભા મતદાર વિભાગમાં ૫૨.૫૮ ટકા, ૯૯– મહુવા વિધાનસભામતદારવિભાગમાં૫૮.૨૨ ટકા, ૧૦૧– ગારિયાધાર વિધાનસભા મતદારવિભાગમાં૪૭.૪૩ટકામતદાન નોંધાયું હતું. ૧૪– અમરેલી લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ૦૭ વિધાનસભા મતદાર વિભાગમાં ૮,૯૫,૬૬૬ પુઢષઅને ૮,૩૭,૧૧૮ મહિલાઅનેઅન્યજાતિના૨૬ મતદારો સહિત ૧૭,૩૨,૮૧૦ મતદાતાઓ નોંધાયાછે. આપૈકી ૪,૮૨,૪૮૭પુઢષ, ૩,૮૫,૧૩૪મહિલાઅનેઅન્યજાતિના ૧૦ નાગરિકો સહિત ૮,૬૭,૬૩૧ નાગરિકોએ મતદાન કર્યુ હતું.

## મહિસાગરના બાલાસિનોરમાં મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો

મહીસાગર, તા.૭

ગુજરાતની ૨૫ લોકસભા બેઠક અને પાંચ વિધાનસભાની પેટાચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે ત્યારે ગુજરાતનું એક એવું બુથ સામે આવ્યું છે, જ્યાં માત્ર ૩ વોટ જ પડ્યાં છે.મહિસાગરના બાલાસિનોરમાં મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. આ મતદારના દિવસે મતદાન બુથ પર અધિકારીઓ મતદાતાઓની રાહ જોઈ રહ્યાં છે, પરંતુ ત્યાં કોઈ મતદાર કરવા પહોંચ્યુ નહી. બાલાસિનોરના બે બુથ પર મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. જેના પગલે બોડોલી બુથ પર માત્ર ૩૪ વોટ પડ્યાં છે, જ્યારે કુંજરા બુથ પર માત્ર ૩ જ વોટ પડ્યાં છે. આ બુથમાં આવતા લોકોએ ડમ્પિંગ સાઈડને લઈને મતદાનનો બહિષ્કાર કર્યો છે.બાલાસિનોર ડમ્પિંગ સાઈડના વિરોધને લઈ મતદાન બહિષ્કાર યથાવત છે. બાલાસિનોરના ગ્રામપંચાયતના બે બુથ બોડોલી, કુંજરા ગામના બુથ પર નહીંવત મતદાન થયું છે. ડમ્પિંગ સાઈડના વિરોધને લઈ મતદારોમાં મોટા પ્રમાણમાં નારાજગી જોવા મળી રહી છે. ડમ્પિંગ સાઈડ પ્રભાવિત ગામોમાં લોકોએ મતદાન કરવાનું સ્વેચ્છિક ટાળ્યું છે. તેમ છતાં બોડોલી બુથ પર ૩૪ મત જ્યારે કુંજરા બુથ પર ૩ જ મત પડ્યા છે. બોડેલી બુથ પર ૭૯૦ મતદાતા છે જેમાં માત્ર ૩૪ મત પડ્યા છે. જ્યારે કુજરા બુથ પર ૭૩૪ની સામે માત્ર ૩ મત પડયા છે.

### ખોટી પ્લેટો લગાવી ચૌધરી સમાજના યુવાનો મતદારોને દબાવાનો પ્રયાસ કરી રહ્યા છે

## ગેનીબેન ઠાકોરે નકલી CRPF કર્મચારી બનીને ફરતા યુવકને ઝડપી લીધો

### ગેનીબેન ઠાકોરે આરોપ લગાવ્યો હતો કે આ યુવક નકલી CRPF કર્મચારી બનીને ફરતો હતો

બનાસકાંઠા, તા.૭

ગુજરાતમાં લોકસભા ૨૫ લોકસભા બેઠક અને ૫ વિધાનસભા બેઠક માટે મતદાન ચાલી રહ્યું છે ત્યારે પ્રકાશ ચૌધરી નામના વ્યક્તિએ કોંગ્રેસ ઉમેદવાર ગેનીબેન ઠાકોર પર ગંભીર આરોપ લગાવ્યા છે. પ્રકાશ ચૌધરી નામના વ્યક્તિએ જણાવ્યું હતું કે ગેનીબેન ઠાકોરે મને પકડી અને મને ખૂબ માર માર્યો છે. ગેનીબેન ઠાકોરે મને ધમકી આપી છે, મને એવું કહ્યું છે કે તને આજે અહીંયાથી અમે જીવતો નહી જવા દઈએ તને મારીને ફેંકી દઈશું. આ સમગ્ર ઘટનામાં બનાસકાંઠા પોલીસ વડાને યોગ્ય પગલા લેવા વિનંતિ કરાઈ છે.આ સમગ્ર ઘટના વિશે વિગતવાર વાત કરીએ તો બનાસકાંઠાના દાંતા તાલુકાના ધરેડા ગામની પ્રાથમિક શાળાના મતદાન મથકમાંથી કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે નકલી CRPF કર્મચારી બનીને ફરતા યુવકને ઝડપી લીધો હતો. ગેનીબેન ઠાકોરે આરોપ લગાવ્યો હતો કે આ યુવક નકલી CRPF કર્મચારી બનીને ફરતો હતો.કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ભાજપ અને ચૌધરી સમાજના લોકો ઉપર ગંભીર આક્ષેપ કર્યા હતા. ગેનનીબેન ઠાકોરે આરોપ લગાવ્યો કે આ યુવકનું નામ પ્રકાશ ચૌધરી છે અને તે પાલનપુરનો છે. પાલનપુરનો હોવાથી તેને દાંતા તાલુકા સાથે લેવા દેવા નથી છતાં તે દાંતાની ધરેડા પ્રાથમિક શાળાના મતદાન મથકમાં હતો અને તેની પાસેથી CRPFનું બોર્ડ મળી આવ્યું છે. ગેનીબેન વધુમાં કહ્યું કે ધરેડા પ્રાથમિક શાળાની મુલાકાત લેતાં જોવા મળ્યું કે સીઆરપીએફની ખોટી પ્લેટો લગાવી ચૌધરી સમાજના યુવાનો મતદારોને દબાવાનો પ્રયાસ કરી રહ્યા છે. પાલનપુરનો પ્રકાશ ચૌધરી મતદારોને દબાવાની કોશિશ કરે છે જેથી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. નોંધનીય છે કે, બનાસકાંઠા લોકસભા બેઠકમાં સવારથી જ મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને લોકો મોટી સંખ્યામાં વોટીંગ કરી રહ્યા છે.


National Programme for Control of Blindness & Visual Impairment Run dy Government of india

રમાબેન અનિલભાઈ પારેખ પરીવાર – મુંબઈના સહયોગથી

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)

તથા

શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત

સુદર્શન નેત્રાલય – અમરેલી

ના સંયુક્ત ઉપક્રમે

વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ

: તારીખ : ૦૯/૦૫/૨૦૨૪ ગુરૂવાર

: સ્થળ : લાયન્સ હોલ પહેલો માળ, જુના માર્કેટીંગ યાર્ડ, હોટલ લોર્ડસ ઈકો ઈનની સામે, અમરેલી.

: સમય : બપોરે ૩:૦૦ થી ૫:૦૦

:: વધુ માહિતી માટે :: નિલેશભાઈ ભીલ મો. ૯૭૧૪૨ ૨૮૨૬૬ | લા. વિનોદભાઈ આડ્રોજા

:: પ્રોજેક્ટ ચેરમેન :: લા. જયેશભાઈ પંડયા મો. ૯૮૯૮૦૫૨૫૮૧ | લા. સાહસ ઉપાધ્યાય

લા. બિમલભાઈ રામદેવપુત્રા ખજાનચી | લા. કિશોરભાઈ શિરોયા પ્રમુખ | લા. ઋજુલભાઈ ગોંડલીયા સેક્રેટરી

નોંધ : બપોરે ૩ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે કેસની નોંધણી કરવામાં આવશે અને તે મુજબ દર્દીને તપાસવામાં આવશે

નોંધ : દર્દીઓના ફોન નંબર તથા ચૂંટણીકાર્ડની બે ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)

સુદર્શન નેત્રાલય – અમરેલી

ભગવતી ચોક, માણેકપરા, અમરેલી-૩૬૫૬૦૧, તા.જી. અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૩૧૯૦૧, ૦૨, ૦૩


# " હું તો મતદાન કરીશ જ " ના જુસ્સા સાથે મતદાતાએ વ્હીલચેર અને સહાયકની મદદ મેળવી મતદાન મથક સુધી પહોંચી અચૂક મતદાનનો નિર્ધાર વ્યક્ત કર્યો



લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નાગરિકોએ મતદાન કર્યુ હતું. ખાંભા તાલુકાના રેબડી નેસના મતદારોને મતદાન માટે મતદાન મથક સુધી પહોંચવા અને પરત ફરવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વાહન સુવિધા આપવામાં આવી હતી. ભૌગોલિક રીતે વિશેષતાઓ ધરાવતા વિસ્તારના નાગરિકોએ મતદાન કર્યુ હતું. કોઈપણ પરિસ્થિતિ હોય, " હું તો મતદાન કરીશ જ " ના જુસ્સા સાથે મતદાતાએ વ્હીલચેર અને સહાયકની મદદ મેળવી મતદાન મથક સુધી પહોંચીને મતદાનનો નિર્ધાર કર્યો હતો. આ મતદારે મતદાન કરી અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં યુવા મતદાતાઓએ પ્રથમ વાર એકસાથે મતદાન કરી મતદાતાઓને મતદાન માટે અનુરોધ કર્યો હતો. ઔદ્યોગિક વિસ્તારના નાગરિકોએ પણ મતદાન કરી રાષ્ટ્ર પ્રત્યેની તેમની ફરજ અદા કરી હતી.

## અમરેલી લોકસભા વિસ્તારનું અંદાજિત ૫૦ ટકા જેટલું મતદાન થયું હોય

# અમરેલી જિલ્લામાં ૨૭ દિવસ સુધી રાજકીય કાર્યકરો મત ગણતરી કર્યા કરશે

સમગ્ર રાજ્યનાં રાજકારણનાં એપી સેન્ટર ગણાતાં અમરેલી જિલ્લામાં રાજકારણ સિવાય કોઈ ઉદ્યોગ નથી

બુથ દીઠ મતદાનનાં આંકડા લઈને કાર્યકરો કોને કેટલા મત મળશે તેનો અંદાજ મેળવશે

જિલ્લાનાં મીડિયા જગતનાં પ્રતિનિધિઓને પણ પુછપરછ કરીને કોણ વિજેતા થશે તે જાણવાનો કરશે પ્રયાસ

જો કે લોકસભા વિસ્તારનાં અંદાજિત ૯ લાખ મતદારોએ કયાં પક્ષ તરફી મતદાન કર્યુ તે તો રામજાણે



અમરેલી, તા. ૭

અમરેલી લોકસભા બેઠકનું મતદાન આજે પૂર્ણ થયું છે. અંદાજિત ૫૦ ટકા જેટલું મતદાન થયું હોય અને અંદાજિત ૯ લાખ જેટલા મતદારોએ કયાં પક્ષ તરફી મતદાન કર્યુ તે તો રામ જાણે. પરંતુ જિલ્લાનાં રાજકીય પક્ષોનાં કાર્યકરો હવે બુથ દીઠ મતદાનનાં આંકડા મેળવીને આગામી ૨૭ દિવસ સુધી મત ગણતરી કર્યા કરશે.

અમરેલી જિલ્લો એ સમગ્ર રાજયનાં રાજકારણનું એપી સેન્ટર છે. જિલ્લામાં ઉદ્યોગોની કમી જોવા મળે છે અને રાજકારણ એ ઉદ્યોગ બન્યો હોય. પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધી કોઈપણ ચૂંટણી હોય જિલ્લાનાં રાજકારણમાં ગરમાવો આવી જતો હોય છે અને રાજકીય કાર્યકરો જેમાં ભાજપ–કોંગ્રેસ તરફી કાર્યકરો ચર્ચા અને દલીલો કર્યા કરશે અને મીડિયા પ્રતિનિધિઓને પણ પુછપરછ શરૂ કરશે કે કયાં પક્ષને સફળતા મળશે અને કોને નિષ્ફળતા મળશે અને આગામી ૪ જૂને મતગણતરી હોય ૨૭ દિવસ સુધી મત ગણતરી કર્યા કરશે.

## ચૂંટણી ફરજ દરમિયાન હાર્ટ એટેક આવી ગયો

# જાફરાબાદની સરકારી શાળાનાં મતદાન મથકે ફરજ બજાવતી મહિલાનું મોત

### બનાવની જાણ થતાં ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા


જાફરાબાદ, તા. ૭

લોકસભા ચૂંટણી દરમિયાન જાફરાબાદ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ચૂંટણીમાં ફરજ બજાવતા મહિલા કર્મચારી કૌશિકાબેન બાબરીયા અચાનક પડી જતાં તેઓની સારવાર અર્થે એમ્બ્યુલન્સ મારફતે રાજુલા સરકારી હોસ્પિટલમાં લઈ જતાં ત્યાનાં ફરજ પરના તબીબે કૌશિકાબેનને મૃત જાહેર કર્યા હતા. ડોકટર ધ્વારા જણાવાયું હતું કે તેઓનું મૃત્યુ હાર્ટ એટેક આવતા થયું છે. આ મહિલા કર્મચારીનું મૃત્યુના સમાચાર મળતાં ઘટના સ્થળે એસપી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે આ મહિલા કર્મચારી લોકસભાની ચૂંટણીમાં મતદાન મથકમાં ફરજ પર હતા તેઓનું હાર્ટ એટેકથી મૃત્યુ થતાં કર્મચારીઓમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

## માત્ર એક મતદાર માટે તંત્રએ કરી વ્યવસ્થા

# જંગલમાં આવેલ બાણગંગા તીર્થધામનાં મહંત માટે મતદાન મથકની વ્યવસ્થા કરાઈ

### બાણેજનાં મહંતનાં મતદાનની ગુપ્તતા રહેતી નથી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૭

ભારતનું ચૂંટણીપંચ દેશનો એક પણ નાગરિક મતદાન કર્યા વિના ન રહે એની તકેદારી રાખવાનું કાયમી પ્રયેય ધરાવે છે. હિમાલયનાં બર્ફીલા

**અનુસંધાન પાના ૬ ઉપર**

## નેશનલ હાઈવે ઓર્થોરીટીને પુલની કોઈ ચિંતા નથી

# અમરેલીના પાદરસમા નાના માચીયાળા નજીક આવેલ ઠેબી નદી ઉપરનો પુલ અતિ ભયજનક

### દરરોજ હજારોની સંખ્યામાં નાના–મોટા હજારો વાહનો થાય છે પસાર



અમરેલી, તા. ૭

અમરેલીનાં પાદર સમા નાના માચીયાળા નજીક આવેલ ઠેબી નદી ઉપરનો નેશનલ હાઈવે ઉપરનો પુલ ઘણા મહિનાઓથી અતિ બિસ્માર બન્યો છે પુલની રેલીંગ પડવાના વાંકે ઉભી હોય દરરોજ નાના–મોટા હજારો વાહનો તેમજ મહાકાય ટ્રક પણ પસાર થતાં હોય ગમે તે સમયે મોટો અકસ્માત થવાનો સતત ભય રહેતો હોય નેશનલ હાઈવે ઓર્થોરીટી વિભાગનાં અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયુ હોય તેવુ લાગી રહયું છે.

એક તરફ સતા પક્ષના આગેવાનો દિવસ–રાત વિકાસની વાતો કરી રહયા છે જિલ્લાનાં ગ્રામ્ય અને તાલુકા વિસ્તારનાં માર્ગો નો બિસ્માર બન્યા છે. પરંતુ આ તો નેશનલ હાઈવે ઉપરનો પુલ પણ બિસ્માર બન્યો હોય અને મહિનાઓથી તેની મરામત થતી ન હોય વિકાસની વાસ્તવીક અતી કરૂણાજનક છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં બિસ્માર માર્ગોને લીધે દર વર્ષે ૧૦૦થી પણ વધુ વ્યકિતઓનાં માર્ગ અકસ્માતમાં મોત થઈ રહ્યા છે. પુલો ઉપરાંત માર્ગ બનાવટમાં ભ્રષ્ટાચારની ફરિયાદ પણ ઉભી થતી હોય છે. દિશા સૂચક બોર્ડ, માર્ગમાં જરૂરી પટ્ટા લગાવાતા નથી, ભયજનક વળાંક પણ જોવા મળી રહ્યા છે પરંતુ ઉચ્ચ અધિકારીઓ વાતાનુકુલિન કચેરીમાં બેઠા–બેઠા એસઓ જેવા વર્ગ–૩નાં કર્મચારીનાં આધારે કામગીરી કરી રહ્યાં છે.

# ચલાલામાં બુથ નં. ૨૧૩માં ૮૦ વર્ષનાં દિવ્યાંગ વૃદ્ધે મતદાન કર્યુ




ચલાલા, તા. ૭

ચલાલામાં બુથ નં.૨૧૩માં ધોમધખતા તાપમાં ૮૦ વર્ષનાં એક પંગે અંપગ વયોવૃદ્ધ જયસુખભાઈ ખુંટે મતદાન કરી પોતાની મજબુત લોકશાહીમાં ફરજ અદા કરી હતી.









*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)